
# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૦ * અંક-૭ * માર્ચ, ૨૦૧૬

સહજાનંદી શુદ્ધ સ્વરૂપી અવિનાશી હું આત્મસ્વરૂપ



# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

● જો પર વિષૈ અનુકંપા હૈ સૌ આપ હી વિષૈ અનુકંપા હૈ, જાતે પરકા બુરા કરના વિચારે તબ અપને કષાયભાવતૈં અપના બુરા સ્વયમેવ ભયા. પરકા બુરા ન વિચારે તબ અપને કષાયભાવ ન ભયે તબ અપની અનુકંપા હી ભઈ. ૧૫૩૮.

(શ્રી કુંદકુંદાચાર્ય, દર્શનપાહુડ, ગાથા-૨ના ભાવાર્થમાંથી)

● જ્ઞાની તો જેમાંથી ભેદ દૂર થાય છે એવું ભાવશ્રુતજ્ઞાન જેનું સ્વરૂપ છે એવા શુદ્ધાત્મજ્ઞાનના સદ્ભાવને લીધે, પરથી અત્યંત વિરક્ત હોવાથી પ્રકૃતિસ્વભાવને (—કર્મના ઉદયના સ્વભાવને) સ્વયમેવ છોડે છે તેથી ઉદયમાં આવેલા અમધુર કે મધુર કર્મફળને જ્ઞાતાપણાને લીધે કેવળ જાણે જ છે, પરંતુ જ્ઞાન હોતાં (—જ્ઞાન હોય ત્યારે—) પરદ્રવ્યને 'હું'પણે અનુભવવાની અયોગ્યતા હોવાથી (તે કર્મફળને) વેદતો નથી. માટે, જ્ઞાની પ્રકૃતિસ્વભાવથી વિરક્ત હોવાથી અવેદક જ છે. ૧૫૩૯. (શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, ગાથા-૩૧૮)

● સમ્યગ્દર્શનનું જે કિરણ પ્રગટ થાય છે અને મોક્ષના માર્ગમાં ચાલે છે તે ધીરે ધીરે કર્મોનો નાશ કરતું પરમાત્મા બને છે. જેના ચિત્તમાં આવા સમ્યગ્દર્શનના કિરણનો ઉદય થયો છે તેનું જ નામ સાધક છે, જેમ કે જે ઘરમાં દીપક સળગાવવામાં આવે છે તે જ ઘરમાં અજવાળું થાય છે. ૧૫૪૦.

(શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, સાધ્ય-સાધકદ્વાર, પદ-૩૯-૪૦)

● પુરુષોંકો પ્રથમ તો સમસ્ત પ્રયોજનોંકા સિદ્ધ કરનેવાલા નિરંતર મૌન હી અવલંબન કરના હિતકારી હૈ ઔર યદી વચન કહના હી પડે તો ઐસા કહના ચાહિયે જો સબકો પ્યારા હો, સત્ય હો ઔર સમસ્તજનોંકા હિત કરનેવાલા હો. ૧૫૪૧. (શ્રી શુભચંદ્રાચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૯, શ્લોક-૬)

● જેમ તૃણ અને લાકડાથી અગ્નિ તૃપ્ત થતી નથી, ચૌદ ચૌદ હજાર નદીઓથી સહિત ગંગા, સિંધુ આદિ મહા નદીઓના જલથી લવણસમુદ્ર તૃપ્ત થતો નથી, તેમ આ આત્મા પણ ઈચ્છિત સુખોના કારણ એવા આહાર, સ્ત્રી, વસ્ત્ર વિગેરે પદાર્થોથી તૃપ્ત થતો નથી. ૧૫૪૨.


(શ્રી કુંદકુંદાચાર્ય, મૂલાચાર, બૃહદ્—પ્રત્યાખ્યાન, ગાથા-૬૭)

● હે જિનેન્દ્ર! સંસારરૂપ સમુદ્રમાં પડતાં પ્રાણીનું રક્ષણ આપનો ધર્મ જ કરે છે; બીજાઓનો ધર્મ તો ભીલના ધર્મ (—ધનુષ્ય) સમાન અન્ય જીવોને મારવાનું જ કારણ થાય છે. ૧૫૪૩. (શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, ઋષભસ્તોત્ર, શ્લોક—૪૦)

વર્ષ–૧૦
અંક–૭




વિ. સંવત
૨૦૭૧
March
A.D. 2016



# આચાર્યદેવ અપ્રતિબુદ્ધને પ્રતિબોધે છે




(શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર
પૂજ્ય ગુરુદેવશ્રીનાં સોળમી વખતના પ્રવચન)

શરીરને જ આત્મા માને એ તો સ્થૂળ ભૂલ છે જ; પરંતુ પર તરફના રાગભાવને જે ઉપયોગ સાથે એકમેક સમજે છે, રાગથી ભિન્ન ઉપયોગને નથી અનુભવતો, તો તે પણ ખરેખર અજીવ જ આત્મા માને છે, જીવના ઉપયોગગુણને ઓળખીને જીવનાં ગુણોની સ્તુતિ કરતાં તેને નથી આવડતું, એટલે સર્વજ્ઞ ભગવાનની પણ પરમાર્થ સ્તુતિ કરતાં તેને આવડતું નથી. ભગવાનના આત્માના ખરા ગુણ (રાગથી જુદા) શું છે તેને તો તે ઓળખતો નથી, તો તે ભગવાનના ગુણની સાચી ઓળખાણ વગર તેમની સાચી સ્તુતિ ક્યાંથી કરી શકશે? ભગવાનના ગુણની સાચી સ્તુતિ સમ્યગ્દૃષ્ટિ જ કરે છે. ભગવાન જેવા પોતાના ગુણને પણ તેણે ઓળખ્યા છે.

આચાર્યદેવ આત્મગુણોની ઓળખાણ કરાવીને કહે છે કે ભાઈ, આત્મા અને શરીરની એકત્વબુદ્ધિને તું છોડ....કેમકે આત્માના એક્કેય ગુણ શરીરમાં નથી, આત્મા કદી પોતાનું ઉપયોગપણું છોડીને શરીરપણે થતો નથી. આત્મા અને શરીર સદાય અત્યંત જુદા જ છે.

જડ-ચેતનનું આટલું સ્પષ્ટ ભેદજ્ઞાન કરાવવા છતાં જે નથી સમજતો, ને શરીરાદિને જ આત્માપણે અનુભવે છે તેને તેનું અજ્ઞાન છોડાવવા આચાર્યદેવ કહે છે

અવગાઢ ગાઢ ભરેલ છે સર્વત્ર પુદ્‌ગલકાયથી
આ લોક બાદર-સૂક્ષ્મથી, કર્મત્વયોગ્ય-અયોગ્યથી. ૧૬૮. –શ્રી પ્રવચનસાર

કે હે દુરાત્મા! તારી આ પશુ જેવી પ્રવૃત્તિને તું છોડ....છોડ! જેમાં આત્મા હણાય છે એવી આ મિથ્યાબુદ્ધિને તું છોડ! જેમ પશુઓને લાડવા અને ઘાસ વચ્ચે વિવેક નથી, બંનેને ભેળસેળ કરીને ખાય છે, તેમ તું પણ ઉપયોગને અને શરીરને એકમેક અનુભવે છે, તે દુર્બુદ્ધિ છોડી દે. ચૈતન્યસ્વભાવને ભૂલીને શરીરને પોતાનું માન્યું, એટલે આત્માને જડ માન્યો, તેમાં તારા ચૈતન્યસ્વભાવની હિંસા થાય છે; આવી આત્મહિંસાને તું છોડ, ને દેહથી ભિન્ન શુદ્ધ ઉપયોગસ્વરૂપ આત્મા છે તેને અનુભવમાં લે.

અત્યંત પુરુષાર્થની જાગૃતિપૂર્વક ભેદજ્ઞાન કરીને આત્માનો અનુભવ કરવા માટે હજી ફરી આચાર્યદેવ જોરદાર ઉપદેશ આપે છે.

## કોઈપણ રીતે આત્મઅનુભવ કર

દેહથી ભિન્ન ચૈતન્યભાવે શોભી રહેલો એવો તારો આત્મા સંતો તને દેખાડે છે, તે દેખીને હે જીવ! તું પ્રસન્ન થા....આનંદિત થા.

રે ભાઈ, તું કોઈપણ રીતે તત્ત્વનો કૌતુહલી થા. હિતની શિખામણ આપતાં આચાર્યદેવ કહે છે કે હે ભાઈ! ગમે તેમ કરીને તું તત્ત્વનો જિજ્ઞાસુ થા....ને દેહથી ભિન્ન આત્માનો અનુભવ કર. દેહ સાથે તારે એકતા નથી પણ ભિન્નતા છે....તારા ચૈતન્યનો વિલાસ દેહથી જુદો છે. માટે તારા ઉપયોગને પર તરફથી છોડીને અંતરમાં વાળ.

પરમાં તારું નાસ્તિત્વ છે. માટે તારા ઉપયોગને પર તરફથી પાછો વાળ. તારા ઉપયોગસ્વરૂપ આત્મામાં પરની પ્રતિકૂળતા નથી. મરણ જેટલું કષ્ટ (-બાહ્ય પ્રતિકૂળતા) આવે તોપણ તેની દૃષ્ટિ છોડીને અંતરમાં જીવતા ચૈતન્યસ્વરૂપની દૃષ્ટિ કર. ''મૃત્વા અપિ એટલે કે મરીને પણ તું આત્માનો અનુભવ કર''—આમ કહીને આચાર્યદેવે શિષ્યને પુરુષાર્થની પ્રેરણા આપી છે. વચ્ચે કંઈ પ્રતિકૂળતા આવે તો તારા પ્રયત્નને છોડી ન દઈશ. પરંતુ મરણ જેટલી પ્રતિકૂળતા સહન કરીને પણ તું આત્માનો તાગ લેજે....તેનો અનુભવ કરજે. મારે મારા આત્મામાં જ જવું છે...તેમાં વચ્ચે પરની ડખલગીરી કેવી? બહારની પ્રતિકૂળતાનો આત્મામાં અભાવ છે—એમ ઉપયોગને પલટાવીને આત્મામાં વાળ,—આમ કરવાથી પર સાથે એકતાબુદ્ધિરૂપ મોહ છૂટી જશે....ને તને પરથી ભિન્ન તારું ચૈતન્યતત્ત્વ આનંદના વિલાસસહિત અનુભવમાં આવશે.

**સ્કંધો કરમને યોગ્ય પામી જીવના પરિણામને**
**કર્મત્વને પામે; નહીં જીવ પરિણમાવે તેમને. ૧૬૯.** **–શ્રી પ્રવચનસાર**

૩૮ ગાથા સુધી પરથી ભિન્ન શુદ્ધજીવનું સ્વરૂપ ઘણા ઘણા પ્રકારે સ્પષ્ટ કરીને સમજાવવા છતાં જે નહિ સમજે અને દેહાદિને આત્મા માનશે, તેને આચાર્યદેવ કડક સંબોધન કરીને સમજાવશે કે, અમે આટલું આટલું સમજાવ્યું છતાં જે જીવ દેહને–કર્મને તથા રાગને જ આત્માનું સ્વરૂપ માને છે તે જીવ મૂઢ છે, અજ્ઞાની છે, પુરુષાર્થહીન છે. પરને જ આત્મા માની માનીને તું આત્માના પુરુષાર્થને હારી બેઠો છે. રે પશુ જેવા મૂઢ ! તું સમજ રે સમજ ! ભેદજ્ઞાન કરીને તારા આત્માને પરથી જુદો જાણ....રાગથી જુદા ચૈતન્યનો સ્વાદ લે. —આ રીતે જેમ માતા બાળકને શિખામણ આપે તેમ આચાર્યદેવ શિષ્યને અનેક પ્રકારે સમજાવે છે...તેમાં તેના હિતનો જ આશય છે.

આચાર્યદેવ કહે છે ભાઈ ! જડની ક્રિયામાં તારો ધર્મ ગોતવો મૂકી દે. આ ચૈતન્યમાં તારો ધર્મ છે તે કોઈ દિવસ જડ થયો નથી. જડ ને ચૈતન્ય બંને દ્રવ્યના ભાગલા પાડીને હું તને કહું છું કે આ ચૈતન્યદ્રવ્ય જ તારું છે. માટે હવે જડથી ભિન્ન તારા શુદ્ધ ચૈતન્યતત્ત્વને જાણીને તું સર્વ પ્રકારે પ્રસન્ન થા...તારું ચિત્ત ઉજ્જ્વળ કરીને સાવધાન થા....અને "આ સ્વદ્રવ્ય જ મારું છે" એમ તું અનુભવ કર. અહા ! આવું ચૈતન્યતત્ત્વ તને દેખાડ્યું...હવે તું આનંદમાં આવ...પ્રસન્ન થા !

જેમ બે છોકરા કોઈ વસ્તુ માટે બાઝે તો માતા વચ્ચે પડીને ભાગ પાડી આપે છે ને સમાધાન કરાવે છે. તેમ અહીં આચાર્યદેવ જડ-ચેતનના ભાગ પાડીને, બાળક જેવા અજ્ઞાનીને સમજાવે છે કે લે, આ તારો ભાગ છે ને આ જડ છે તે જડનો ભાગ છે. તારો ચૈતન્ય ભાગ એવો ને એવો આખેઆખો શુદ્ધ છે, તેમાં કાંઈ બગડ્યું નથી; માટે તારો આ ચૈતન્ય ભાગ લઈને હવે તું પ્રસન્ન થા....આનંદિત થા....તારા મનનું સમાધાન કરીને તારા ચૈતન્યને આનંદથી ભોગવ....તેમાં અતિન્દ્રિય સુખના સ્વાદનો અનુભવ કર.

અજ્ઞાનીનું અજ્ઞાન કેમ ટળે, ને તેને ચૈતન્યના સુખનો અનુભવ કેમ થાય, તે માટે આચાર્યદેવ ઉપદેશ આપે છે. કડક સંબોધન કરીને નથી કહેતા પણ કોમળ સંબોધન કરીને કહે છે કે હે વત્સ ! શું આ જડ દેહ સાથે એકમેકપણું તને શોભે છે ? ના, ના. તું તો ચૈતન્ય છો....માટે જડથી જુદો થા...તેનો પાડોશી થઈને તેનાથી ભિન્ન તારા ચૈતન્યને દેખ. દુનિયાની દરકાર છોડીને તારા ચૈતન્યને દેખ. જો તું દુનિયાની અનુકૂળતા કે પ્રતિકૂળતા જોવા રોકાઈશ તો તારા ચૈતન્યભગવાનને તું નહીં જોઈ શકે, માટે દુનિયાનું લક્ષ છોડી, તેનાથી એકલો પડી અંતરમાં તારા ચૈતન્યને જો....અંતર્મુખ થતાં જ તને ખબર પડશે કે ચૈતન્યનો કેવો અદ્‌ભુત વિલાસ છે ? (ક્રમશઃ) ❊




# જ્ઞાનના ભેદ



(શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

(તા. ૧-૫-૪૪, સોમવાર) વ્યાખ્યાન નં. ૧૨

(ગાથા ૧૧-૧૨ ચાલુ)

**કેવળજ્ઞાન** :—આત્મા પોતાની મેળે ઈન્દ્રિય-મનના નિમિત્ત વિના સ્વ-પરને સંપૂર્ણપણે જાણે તે સંપૂર્ણપ્રત્યક્ષ કેવળજ્ઞાન છે. કેવળજ્ઞાનપર્યાય આત્મામાં પ્રગટ નથી પણ પુરુષાર્થથી પ્રગટ કરે ત્યારે થાય છે.

**મનઃપર્યયજ્ઞાન** :—છઠ્ઠા ગુણસ્થાનકવાળા મુનિઓને સ્વરૂપની રમણતાથી નિર્મળતા થતાં સામાના મનની વાત (અવધિજ્ઞાનમાં જાણેલા રૂપી પદાર્થના અનંતમા ભાગે) જાણે તે મનઃપર્યયજ્ઞાન છે, તે એકદેશ પ્રત્યક્ષ છે.

**અવધિજ્ઞાન** :—મન અને ઈન્દ્રિય વિના સ્વર્ગ-નરક જણાય તે અવધિજ્ઞાન છે, તે અંશે પ્રત્યક્ષ છે. કેવળજ્ઞાનની અપેક્ષાએ અવધિ અને મનઃપર્યય બન્ને પરોક્ષ છે. આ બધાનું પ્રયોજન એ છે કે કહેલા જ્ઞાનના ભેદોમાં આત્માના સાક્ષાત્ મોક્ષનું મૂળ, પ્રગટદશાનું કારણ, જ્ઞાનથી ક્યારેય પણ જુદી પડતી નથી એવી ધ્રુવપર્યાય તે જ છે.

આત્મા ત્રિકાળી એકરૂપ તત્ત્વ છે; તે નિજતત્ત્વમાં લવલીન-તલ્લીન જે સહજરૂપ-ધ્રુવરૂપ-ઉપયોગરૂપ સહજજ્ઞાન તે જ મોક્ષનું મૂળ છે. આત્માના ઉપયોગ-સ્વરૂપ-પ્રત્યક્ષજ્ઞાનને જ મોક્ષનું મૂળ કહ્યું છે. સિદ્ધપદ, કેવળજ્ઞાન આદિ અભૂતાર્થ છે, કાયમ ટકનાર નથી. ત્રિકાળ ટકનાર-કાયમ ટકનાર એકરૂપ-ધ્રુવરૂપ પર્યાય છે—તે જ સમ્યગ્દર્શનનું કારણ છે. ઉપયોગનાં કેવળજ્ઞાનાદિ ભેદોમાં એકરૂપ—ધ્રુવરૂપ સાક્ષાત્પર્યાય અનાદિઅનંત છે તે જ મોક્ષનું સાક્ષાત્ કારણ છે. આત્માના સુખ, આનંદ, દર્શન, જ્ઞાન, ચારિત્ર આદિ દરેક ગુણમાં એકરૂપ ધ્રુવરૂપ પર્યાય અનાદિઅનંત છે. આનંદમાં, કેવળજ્ઞાન થાય ત્યારે આનંદની જે પર્યાય પ્રગટે છે તે નહીં—પણ ત્રિકાળ એકરૂપ આનંદરૂપ સહજ સ્વરૂપ આનંદગુણનું વર્તમાન છે; તેમાંથી આનંદની પ્રગટ પર્યાય આવે છે.

આત્મા વસ્તુ છે, તેમાં અનંત ગુણો ભર્યા છે, તે ગુણો બહારથી આવતા નથી. શરીરાદિ તો આત્માથી જુદી વસ્તુ છે, જડ પરમાણુનું બનેલું છે. તેમાંથી આત્માના ગુણો

**કર્મત્વપરિણત પુદ્ગલોના સ્કંધ તે તે ફરી ફરી**
**શરીરો બને છે જીવને, સંક્રાંતિ પામી દેહની. ૧૭૦.** —**શ્રી પ્રવચનસાર**

આવતા નથી. જે અનંતા સિદ્ધો થયા તે બધા પોતાના ગુણો હતા તે પ્રગટ કરીને થયા છે. આત્મા અને તેના ગુણો ત્રિકાળ છે. તેમાં જ્ઞાનગુણ તેનો સહજરૂપ ઉપયોગરૂપ વેપાર ત્રિકાળ છે, તેમાંથી કેવળજ્ઞાનાદિ પર્યાય પ્રગટે છે; તે સામાન્યમાંથી વિશેષ પ્રગટે છે.

આત્મા વસ્તુ તેનો જ્ઞાન ગુણ, તેનો ધ્રુવસ્વભાવરૂપ ઉપયોગ તે—ભવ્યજીવોનો ઉપયોગ તે—જ પારિણામિકભાવ છે. એકલો સ્વભાવભાવ ધ્રુવઉપયોગ તેને પારિણામિકભાવ કહ્યો છે. પારિણામિકભાવ અખંડ છે. ભવ્યલાયક જીવોને એટલે કે પોતાના હિતના કામી જીવોને સ્વાભાવિકજ્ઞાન પરમસ્વભાવ જે ધ્રુવરૂપ સહજજ્ઞાન છે તેના સિવાય કોઈ જ્ઞાન ઉપાદેય નથી. દૃષ્ટિમાં કેવળજ્ઞાન પણ આદરણીય નથી, તે પણ એક સમય પૂરતી પર્યાય છે. સહજ એકરૂપ ધ્રુવરૂપ ત્રિકાળજ્ઞાન તે જ દૃષ્ટિને આદરણીય છે અને તેમાંથી જ કેવળજ્ઞાન વગેરે કાર્યપર્યાય પ્રગટે છે. સ્વભાવજ્ઞાન એકરૂપ અભેદ પરિપૂર્ણ છે તેના ઉપર જ મીટ માંડવા જેવું છે, તે સિવાય–શરીરાદિ તો પર છે, પુણ્ય-પાપનો જે વિકાર થાય છે તે ક્ષણિક છે અને જે કેવળજ્ઞાનાદિ પૂર્ણ પર્યાય થાય છે તે પણ પરમાર્થે આદરણીય નથી, કેમ કે તે નવી પ્રગટતી અવસ્થા છે. જ્યાં કેવળજ્ઞાન પણ દૃષ્ટિને આદરણીય નથી ત્યાં પુણ્યપાપના ભાવ કે શરીર-મન-વાણીની ક્રિયા તો આદરણીય હોય જ ક્યાંથી? આત્મા વસ્તુ તેનો જ્ઞાન ગુણ અને તેનો ધ્રુવરૂપ એકરૂપ ઉપયોગ ત્રિકાળ છે તેની પ્રતીત અને તેનું જ માહાત્મ્ય કરતાં નિર્મળ પર્યાય પ્રગટે છે. આદરણીય તો એકરૂપ સહજ ત્રિકાળ ઉપયોગ છે. મતિ-શ્રુત કે કેવળની નિર્મળ પર્યાય પણ આદરણીય નથી તો પછી પુણ્ય-પાપ, નિમિત્ત કે શરીરાદિ જડ તો આદરણીય ક્યાંથી જ હોય?

અહોહો! ત્રિલોકનાથ તીર્થંકરભગવાને નવ તત્ત્વ બતાવ્યા, છ દ્રવ્ય બતાવ્યા, તેમાં જીવતત્ત્વ આવું હોય અને તેનો ઉપયોગ આવો હોય એમ બતાવ્યું; કારણ કે ઉપયોગથી જીવ સમજાય છે માટે ઉપયોગ બતાવ્યો. આવા જીવતત્ત્વની ખબર ન હોય, નવ તત્ત્વની ખબર ન હોય, છ દ્રવ્યની ખબર ન હોય અને પુણ્ય-પાપની કે જડની ક્રિયામાં જ ધર્મ માની બેઠા હોય તેને આત્માના ઉપયોગધર્મની તો ખબર જ ક્યાંથી હોય?

સહજજ્ઞાન ચૈતન્યનો વિલાસ તેમાં જ મોજમઝા છે. કેવળજ્ઞાન થાય ત્યારે જ નહીં, પણ સદાય તે સહજાત્મ ચૈતન્યમૂર્તિ ચૈતન્યનો વિલાસ અમૃતમય છે, આનંદમય છે. રાગ-દ્વેષ અને પુણ્ય-પાપ તે તો વિકાર અને ક્ષણિક! ક્ષણિક! ક્ષણિક! કેવળજ્ઞાન

જે દેહ ઔદારિક, ને વૈક્રિય-તૈજસ દેહ છે,
કાર્મણ-અહારક દેહ જે, તે સર્વ પુદ્ગલરૂપ છે. ૧૭૧. –શ્રી પ્રવચનસાર

પણ ક્ષણિક—એક સમય પૂરતી નિર્મળ પર્યાય છે. આત્મા ત્રિકાળ અમૃતમય છે. સંસાર-મોક્ષ, સુખ-દુઃખ કે પુણ્ય-પાપ તે તો ક્ષણિક છે, અહીં તો કહ્યું કે ત્રિકાળ એકરૂપ ધ્રુવરૂપ પારિણામિકભાવરૂપ ઉપયોગ તે જ સમ્યગ્દર્શનનો વિષય છે. કેવળજ્ઞાન એક સમય પૂરતી અવસ્થા છે તે પણ સમ્યગ્દર્શનનો વિષય નથી.

હાથ-પગ કે શરીર, મન, વાણીની ક્રિયા તો આત્માની નથી, પુણ્ય-પાપ જે આત્માની અવસ્થામાં થાય છે તે પણ આત્માનું સ્વરૂપ નથી, અને અંદર મતિજ્ઞાન કે કેવળજ્ઞાનાદિ નિર્મળ પર્યાય પ્રગટે તે પણ આત્માનું પૂર્ણ સ્વરૂપ નથી, તેનું લક્ષ ધર્મનું કારણ નથી. ધર્મનું કારણ તો એક સ્વાભાવિક એકાકાર જ્ઞાનઉપયોગ છે—તે જ છે, તેના ઉપર જ સમ્યગ્દર્શનની મીટ છે—તે જ સમ્યગ્દર્શનનો વિષય છે; આવો જે સ્વભાવ તેને કદી આવરણ નથી, તે બાધા કે પીડારહિત છે, આવી ચૈતન્યના વિલાસરૂપ પરમ શક્તિ તે સદા અમૃતમય છે.

‘‘सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः’’ તે વ્યાખ્યા પણ પર્યાયથી છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે તો ઊણી પર્યાય છે, ઊણી પર્યાય પૂરી પર્યાયનું કારણ પરમાર્થે થાય નહીં. પૂરી પર્યાયનું કારણ તો દ્રવ્ય જ છે, છતાં ઊણી નિર્મળ પર્યાયને વ્યવહારથી કારણ કહેવાય. શ્રી સમયસારજીનું કથન વસ્તુથી છે અને તત્ત્વાર્થસૂત્રનું કથન પર્યાયથી છે. બન્ને થઈને આખી વસ્તુનું પ્રમાણજ્ઞાન થાય છે.

તે સહજજ્ઞાન સદા આનંદરૂપ છે; અહીં ‘સદા આનંદરૂપ’ કહ્યું છે કારણ કે કેવળજ્ઞાનાદિ તો પ્રગટે ત્યારે આનંદરૂપ હોય તેમ આ નથી પણ આ સહજજ્ઞાન એકરૂપ ધ્રુવરૂપ પર્યાય સદા આનંદમય જ છે. તે ત્રિકાળ શક્તિરૂપ છે. વળી તે જ્ઞાન સહજસ્વરૂપમાં સ્થિરરૂપ ધ્રુવરૂપ એકરૂપ સ્વાભાવિક પરમચારિત્રમય છે. ટીકામાં ‘પરમ’ શબ્દ પદ્મપ્રભમળધારીદેવે બહુ વાપર્યો છે. સહજજ્ઞાન પરમચારિત્રમય છે. યથાખ્યાતચારિત્ર આદિ જે નિર્મળ પર્યાય પ્રગટે છે તેની આ વાત નથી પણ અંદર ધ્રુવરૂપ એકરૂપ સહજજ્ઞાન સદાય પરમચારિત્રમય જ છે તે બતાવે છે.

અહોહો! આવી અલૌકિક વાત ભગવાનના શાસ્ત્રમાં રહી છે તે સાંભળો તો ખરા! ધર્મ શું ચીજ છે તે કોઈ દિવસ કેટલાય જીવોએ સાંભળ્યું જ નથી. આત્મા શરીર-વાણી-મનથી જુદો પુણ્ય-પાપના ક્ષણિક વિકારથી જુદો અને એક સમય પૂરતી નિર્મળ પર્યાય પ્રગટી તેટલો પણ નહિ; અંદર એકરૂપ ધ્રુવ ત્રિકાળ આત્મસ્વભાવ પરિપૂર્ણ ભર્યો છે તેની ઉપર મીટ તે જ ધર્મ છે. ત્રિકાળી સત્‌નો જેને આદર થયો તેને અસત્‌નો આદર હોય જ નહીં. આખું સત્ ત્રિકાળ છે તેના નિર્ણય વગર ધર્મ થાય નહીં; સદા અંતરમુખ એકરૂપ ત્રિકાળ જ્ઞાન તે જ ચારિત્ર છે, તેનો સ્વીકાર તે જ ધર્મ છે. *(ક્રમશઃ)* ❊



# વૈરાગ્ય–ભાવના

(શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

એ પ્રમાણે વિચાર કરતાં કોઈ ઠેકાણે પણ સુખ નથી, એમ કહે છે :—

एवं सुट्ठु असारे संसारे दुक्खसायरे घोरे ।
किं कत्थ वि अत्थि सुहं वियारमाणं सुणिच्छयदो ॥६२॥

**અર્થ :—**એ પ્રમાણે સર્વ પ્રકારથી અસાર એવા આ દુઃખસાગરરૂપ ભયાનક સંસારમાં નિશ્ચયથી વિચાર કરવામાં આવે તો કોઈ ઠેકાણે કિંચિત્ પણ સુખ નથી. ૬૨.

ભાવાર્થ :—ચાર ગતિરૂપ સંસાર છે અને ચારે ગતિઓ દુઃખરૂપ જ છે, તો તેમાં સુખ ક્યાં સમજવું? આગળ કહે છે કે આ જીવ, પર્યાયબુદ્ધિવાળો છે, તેથી તે જે યોનિમાં ઉપજે છે ત્યાં જ સુખ માની લે છે.

આ ધર્મીજીવની સંસાર ભાવનાનું વર્ણન છે.

આત્મામાં સુખ છે એ સિવાય સંસારમાં ક્યાંય સુખ નથી, સંસારમાં કોઈ દેવભવ કે રાજાનો ભવ તે સુખ નથી, સુખ તો આત્મદ્રવ્યમાં છે. સમ્યગ્દષ્ટિને આત્મા સિવાય કોઈપણ પદાર્થમાં સુખબુદ્ધિ હોતી નથી, જેને બહારમાં સુખબુદ્ધિ હોય તેને આત્માના સ્વભાવની પ્રતીતિ નથી; તે મિથ્યાદષ્ટિ છે. ધર્મીને અલ્પ રાગ-દ્વેષ થાય તેમાં પણ તે સુખ નથી માનતો, તો પછી રાગ-દ્વેષનું લક્ષ જે પરપદાર્થ ઉપર જાય છે તેમાં તો તે સુખ કેમ માને? જો વિષયોમાં કે રાગમાં સુખ માને તો તે જીવને આત્મામાં સુખબુદ્ધિ નથી, તે મૂઢ છે, તે ગમે તેટલા વ્રતાદિ કરે, તોપણ તેના સંસાર ભ્રમણનો અંત આવતો નથી.

ચારે ગતિ વિભાવનું ફળ છે. તે વિભાવ દુઃખદાયક છે, તેથી ચારે ગતિ દુઃખદાયક છે. સુખ તો આત્માના સ્વભાવમાં છે, તેની જેને ખબર નથી તે જીવ ચાર ગતિના સંયોગમાં સુખ માને છે, પણ તે મિથ્યા છે.

પર્યાયબુદ્ધિવાળો જીવ સંયોગમાં જ સુખ માને છે. અંતરના સ્વભાવની દૃષ્ટિ

> **છે ચેતનાગુણ, ગંધ-રૂપ-રસ-શબ્દ-વ્યક્તિ ન જીવને,**
> **વળી લિંગગ્રહણ નથી અને સંસ્થાન ભાખ્યું ન તેહને. ૧૭૨.　　–શ્રી પ્રવચનસાર**

કરતો નથી પણ રાગાદિ વર્તમાન પરિણામમાં તથા બહારના વિષયોમાં તે સુખ માને છે. રાજા થાય તો રાજ્યપદમાં સુખ માને છે ને વિષ્ટાનો કીડો થાય તો વિષ્ટામાં સુખ માને છે, પણ હું તો સિદ્ધ જેવો ચિદાનંદ સ્વભાવી છું—એવું ભાન અજ્ઞાની કરતો નથી, એ વાત હવેની ગાથામાં કહે છે—

**दुक्कियकम्मवसादो राया वि य असुइकीड़ओ होदि ।**
**तत्थेव य कुणइ रइं पेक्खह मोहस्स माहप्पं ॥६३॥**

**અર્થ :—**હે પ્રાણી ! તમે જુઓ તો ખરા આ મોહનું માહાત્મ્ય ! કે પાપવશ મોટો રાજા પણ મરીને વિષ્ટાના કીડામાં જઈ ઉત્પન્ન થાય છે અને ત્યાં જ તે રતિ માને છે-ક્રીડા કરે છે. ૬૩.

એક રાજા હતો, તેને કોઈએ કહ્યું હતું કે તું સાત દિવસમાં મરીને કૂતરીને ત્યાં ગલૂડિયું થઈશ, તે સાંભળીને રાજા કહે કે અરર! મારે કૂતરાનો અવતાર!!! એમ વિચારીને તેને કુંવરને કહ્યું કે હું ત્યાં જન્મું કે તરત મને મારી નાખજે. પછી તે રાજા મરીને કૂતરો થયો, ત્યાં કુંવર તેને જ્યારે મારવા માટે આવ્યો ત્યારે તે ગલૂડિયું કહે છે કે "મને મારીશ નહિ, મને અહીં મજા છે." જુઓ, મૂઢ જીવ ચૈતન્યને ચૂકીને, જે સંયોગ મળે તેમાં જ સુખ માની લે છે. જેનાં કપડાં ધોવા માટે વિલાયત જતાં હોય તેવો જીવ પણ મરીને વિષ્ટાનો કીડો થાય, તો તે વિષ્ટામાં પણ સુખ માને છે. આત્માના ભાન વિના સાધુ થઈને બહારના ક્રિયાકાંડમાં સુખ માને તે જીવો પણ મૂઢ છે ને કીડો વિષ્ટામાં સુખ માને છે તે જીવ પણ મૂઢ છે.

જેલના કેદીને જેલમાં ગોઠી જાય છે, એકવાર એક કેદીને જેલની મુદત પૂરી થઈને બહાર નીકળવાનું થયું ત્યારે બીજાને કહેતો ગયો કે આ મારો પાણીનો ઘડો કોઈ બગાડશો નહિ, બીજાએ પૂછ્યું કે કેમ? તો તે કહે કે હું બે—ચાર દિવસમાં પાછો અહીં આવવાનો છું માટે તે ઘડો રાખી મૂકજો. તેમ અજ્ઞાની જીવને સંસારમાં સુખ ભાસે છે એટલે એક ભવ છોડતાં બીજા ભવની મમતા લઈને જાય છે, એક ભવ પછી બીજો ભવ તૈયાર રાખે છે. શાસ્ત્રકાર કહે છે કે અહો! એ મોહનું માહાત્મ્ય છે કે જીવો આત્માના સુખને ચૂકીને બહારના જે જે સંયોગ મળે તેમાં જ સુખ માની લે છે.

આગળ કહે છે કે એક જીવને એક જ ભવમાં અનેક સંબંધ થયો :—

**અન્યોન્ય સ્પર્શથી બંધ થાય રૂપાદિગુણયુત મૂર્તને;**
**પણ જીવ મૂર્તિરહિત બાંધે કેમ પુદ્‌ગલકર્મને? ૧૭૩. –શ્રી પ્રવચનસાર**

पुत्तो वि भाउ जाओ सो वि य भाओ वि देवरो होदि ।
माया होदि सवत्ती जणणो वि य होदि भत्तारो ॥६४॥
एयम्मि भवे एदे संबंधा होंति एय-जीवस्स ।
अण्णभवे किं भण्णइ जीवाणं धम्मरहिदाणं ॥६५॥

**અર્થ** :—એક જીવને એક ભવમાં આટલા સંબંધ થાય છે તો પછી ધર્મરહિત જીવોને અન્ય ભવોના સંબંધમાં તો શું કહેવું ? તે સંબંધ ક્યા ક્યા છે ? તે કહીએ છીએ :—પુત્ર તો ભાઈ થયો અને ભાઈ હતો તે દિયર થયો, માતા હતી તે શોક થઈ અને પિતા હતો તે ભરથાર થયો. એટલા સંબંધ વસંતતિલકા વેશ્યા, ધનદેવ, કમળા અને વરુણને (પરસ્પર) થયા. તેમની કથા અન્ય ગ્રંથોથી અહીં લખીએ છીએ :— ૬૪-૬૫.

અરે, એક જ ભવમાં જે માતા હોય તે સ્ત્રી થાય, જે પુત્ર હોય તે જ પતિ થાય આવું બને છે. તો પછી અન્ય ભવનું તો શું કહેવું? આ કોની વાત છે? કે જેને ચૈતન્યનું ભાન નથી એવા ધર્મરહિત જીવોને સંસારમાં રખડતાં–રખડતાં આવા–આવા અનેક સંબંધ એક જ ભવમાં બને છે. વસંતતિલકાને એક જ ભવમાં ૧૮ સંબંધ થયા તેનું અહીં દૃષ્ટાંત આપ્યું છે. પર્યાયબુદ્ધિવાળો જીવ ચૈતન્યસ્વભાવને જાણતો નથી ને સંયોગમાં આડું–અવળું કરવાનું માને છે, તેને સમજાવે છે કે :–અરે ભાઈ! તું આત્મા ઉપર દૃષ્ટિ કર, ભવ અને ભવના કારણની રુચિ છોડ, તો કલ્યાણ થાય. અહીં કથા કહીને વૈરાગ્ય બતાવવો છે કે અરે જીવ! સંસારમાં રખડતાં–રખડતાં એક જ ભવમાં કેવા–કેવા સંબંધ બને છે, તે વિચાર, તેમાં ક્યાંય–સંયોગમાં સુખ નથી, માટે સંયોગની રુચિ છોડીને તારા સ્વભાવની રુચિ કર.

કેવા–કેવા સંબંધ થયા તે અહીં કહે છે. પુત્ર હતો તે ભાઈ થયો. અને ભાઈ હતો તે દીયર થયો, માતા હતી તે શોક્ય થઈ અને પિતા હતો તે ભરથાર થયો, એટલા સંબંધ વસંતતિલકા વેશ્યા, ધનદેવ, કમળા અને વરૂણને (પરસ્પર) થયા, તેની કથા અન્ય ગ્રંથોથી અહીં લખીએ છીએ :— (આ કથા મૂળમાંથી જોઈ લેવી.)

જુઓ, જીવને સંસારમાં રખડતાં આવું અનંતવાર બને છે, તેમાં આશ્ચર્ય નથી. અરે જીવ! સ્વભાવની ભાવના કરીને આવા સંસારની ભાવના છોડ, હું તો જ્ઞાન છું,

(જુઓ અનુસંધાન પેજ નં. ૨૬ ઉપર)

જે રીત દર્શન-જ્ઞાન થાય રૂપાદિનું—ગુણ-દ્રવ્યનું,
તે રીત બંધન જાણ મૂર્તિરહિતને પણ મૂર્તનું. ૧૭૪. –શ્રી પ્રવચનસાર

# અનેકવિધ પાપોથી બચવા ગૃહસ્થ દાન કરે

(શ્રી પદ્મનંદિ પંચવિંશતિકાના દેશવ્રતોદ્યોતન અધિકાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

શ્રાવકને બધાં પડખાંનો વિવેક હોય છે. સ્વાધ્યાય વગેરેની જેમ દેવપૂજા વગેરે કાર્યોમાં પણ તે ભક્તિથી વર્તે છે. શ્રાવકને ભગવાન સર્વજ્ઞદેવ પ્રત્યે પરમ પ્રીતિ હોય....અહો ! આ તો મારું ઈષ્ટ–ધ્યેય ! એમ જીવનમાં તે ભગવાનને જ ભાળે છે. હરતાં–ફરતાં દરેક પ્રસંગમાં તેને ભગવાન યાદ આવે છે. નદીના ઝરણાંનો કલકલ અવાજ આવે ત્યાં કહે છે કે હે પ્રભો ! આપે પૃથ્વીને છોડી દીધી તેથી અનાથ થયેલી આ પૃથ્વી કલરવ કરતી રડે છે ને તેના આંસુનો આ પ્રવાહ છે. આકાશમાં સૂર્ય–ચંદ્રને દેખતાં કહે છે કે પ્રભો ! આપે શુક્લધ્યાન વડે ઘાતીકર્મોને જ્યારે ભસ્મ કરી નાખ્યા ત્યારે તેના તણખા આકાશમાં ઊડ્યા, તે તણખા જ આ સૂર્ય–ચન્દ્રરૂપે ઊડતા દેખાય છે.–અને ધ્યાનાગ્નિમાં ભસ્મ થઈને ઊડેલા કર્મના દળીયા આ વાદળાં રૂપે હજી જ્યાંત્યાં ઘૂમી રહ્યાં છે.—આવી ઉપમા વડે ભગવાનના શુક્લધ્યાનને યાદ કરે છે ને પોતે તેની ભાવના ભાવે છે. ધ્યાનની અગ્નિ, ને વૈરાગ્યનો વાયરો તેનાથી લા લાગી ને કર્મો બળી ગયા, તેમાંથી આ સૂર્ય-ચંદ્રરૂપી ફૂલિંગા ઊડ્યા. ધ્યાનસ્થ ભગવાનના વાળ હવામાં ફરફર થતા દેખીને કહે છે કે, એ વાળ નથી, એ તો ભગવાનના અંતરમાં ધ્યાનવડે જે કર્મો બળી રહ્યા છે તેના ધૂમાડા ઊડે છે. આ રીતે સર્વજ્ઞદેવને ઓળખીને શ્રાવકને એની ભક્તિનો રંગ લાગ્યો છે. તેની સાથે ગુરુની ઉપાસના, શાસ્ત્રની સ્વાધ્યાય વગેરે પણ હોય છે. શાસ્ત્રો તો કહે છે કે અરે, કાનવડે જેણે વીતરાગી સિદ્ધાન્તનું શ્રવણ કર્યું નહિ ને મનમાં તેનું ચિંતન કર્યું નહિ, તેને કાન અને મન મળ્યા તે ન મળ્યા બરાબર જ છે. આત્માની દરકાર નહિ કરે તો કાન ને મન બંને ગુમાવીને એકેન્દ્રિયાદિમાં ચાલ્યો જશે. કાનની સફળતા એમાં છે કે ધર્મનું શ્રવણ કરે, મનની સફળતા એમાં છે કે આત્મિકગુણોનું ચિન્તવન કરે, ને ધનની સફળતા એમાં છે કે સત્પાત્રદાનમાં તેનો ઉપયોગ થાય. ભાઈ, અનેક પ્રકારનાં પાપ કરીને તેં ધન ભેગું કર્યું, તો હવે પરિણામ પલટાવીને તેનો એવો ઉપયોગ કર કે જેથી તારાં પાપ ધોવાય ને તને ઉત્તમ પુણ્ય બંધાય.—એવો ઉપયોગ તો ધર્મના બહુમાનથી સત્પાત્રદાન કરવું—એ જ છે.

**વિધવિધ વિષયો પામીને ઉપયોગ-આત્મક જીવ જે**
**પ્રદ્વેષ-રાગ-વિમોહભાવે પરિણમે, તે બંધ છે. ૧૭૫. –શ્રી પ્રવચનસાર**

લોકોને જીવનથી ને પુત્રથી પણ ધન વહાલું હોય છે, પણ ધર્મી–શ્રાવકને ધન કરતાં ધર્મ વહાલો છે, એટલે ધર્મની ખાતર ધન વાપરવાનો એને ઉલ્લાસ આવે છે. તેથી શ્રાવકના ઘરમાં અનેક પ્રકારે દાનનો વેપાર હંમેશાં ચાલ્યા કરે છે. ધર્મ અને દાન વગરના ઘરને તો સ્મશાનતુલ્ય ગણીને કહે છે કે એવા ગૃહવાસને તો ઊંડા પાણીમાં જઈને 'સ્વા...હા' કરી દેજે. જે એકલા પાપબંધનું જ કારણ થાય એવા ગૃહવાસને તું તિલાંજલિ દઈ દેજે. પાણીમાં ઝબોળી દેજે. અરે, વીતરાગી સંતો આ દાનનો ગૂંજારવ કરે છે....એ સાંભળતાં ક્યા ભવ્યજીવનું હૃદયકમળ ન ખીલે ? કોને ઉત્સાહ ન આવે ? ભ્રમરના ગૂંજારવથી ને ચન્દ્રના ઉદયથી કમળની કળિ તો ખીલી ઊઠે, પત્થર ન ખીલે; તેમ આવો ઉપદેશ-ગૂજાંરવ સાંભળતાં ધર્મની રુચિવાળા જીવનું હૃદય તો ખીલી ઉઠે....કે વાહ ! દેવ-ગુરુ-ધર્મની સેવાનો અવસર આવ્યો....મારા ધન્ય ભાગ્ય....કે મને દેવ-ગુરુનું કામ મળ્યું.—આમ ઉલ્લસી જાય. શાસ્ત્રમાં કહે છે કે શક્તિ પ્રમાણે દાન કરવું. તારી પાસે એક રૂપિયાની મૂડી હોય તો તેમાંથી એક પૈસો આપજે....પણ દાન જરૂર કરજે, લોભ ઘટાડવાનો અભ્યાસ જરૂર કરજે. લાખો-કરોડોની મૂડી ભેગી થાય ત્યારે જ દાન દઈ શકાય ને ઓછી મૂડી હોય તેમાંથી દાન ન દઈ શકાય—એવું કાંઈ નથી. પોતાનો લોભ ઘટાડવાની વાત છે, એમાં કાંઈ મૂડીના માપ ઉપર જોવાનું નથી. સારો શ્રાવક મૂડીનો ચોથો ભાગ વાપરે, મધ્યમપણે છઠ્ઠો ભાગ વાપરે ને ઓછામાં ઓછો દશમો ભાગ વાપરે—એવો ઉપદેશ છે, જેમ ચંદ્રકાન્તમણિની સફળતા ક્યારે ? કે ચંદ્રના સંયોગે એમાંથી પાણી ઝરે ત્યારે; તેમ લક્ષ્મીની સફળતા ક્યારે ? કે સત્પાત્રના સંગે તે દાનમાં વપરાય ત્યારે. ધર્મીને તો આવા ભાવો હોય જ છે પણ એના દાખલાથી બીજા જીવોને સમજાવે છે.

સંસારમાં લોભી જીવો ધન મેળવવા માટે કેવા કેવા પાપ કરે છે ! લક્ષ્મી તો જોકે પુણ્ય અનુસાર મળે છે પણ તેને મેળવવા માટે ઘણા જીવો જૂઠું–ચોરી વગેરે અનેક પ્રકારના પાપભાવ કરે છે. કદાચ કોઈ જીવ એવા ભાવ ન કરે ને પ્રામાણિકતાથી વેપાર કરે તોપણ લક્ષ્મી મેળવવાનો ભાવ તે પાપ જ છે. આ બતાવીને અહીં એમ કહે છે કે ભાઈ, જે લક્ષ્મી ખાતર તું આટલા–આટલા પાપ કરે છે અને જે લક્ષ્મી પુત્રાદિ કરતાં ય તને વધુ વહાલી છે, તે લક્ષ્મીનો ઉત્તમ ઉપયોગ એ જ છે કે સત્પાત્રદાન વગેરે ધર્મકાર્યમાં તે વાપર; સત્પાત્રદાનમાં વપરાયેલી લક્ષ્મી અસંખ્યગણી થઈને ફળશે. એક

**જે ભાવથી દેખે અને જાણે વિષયગત અર્થને,**
**તેનાથી છે ઉપરક્તતા; વળી કર્મબંધન તે વડે. ૧૭૬. –શ્રી પ્રવચનસાર**

માણસ ચાર–પાંચ હજાર રૂપિયાની નવી નોટો લાવ્યો ને ઘરે સ્ત્રીને આપી, તે બાઈએ તે ચૂલા પાસે મૂકેલી અને બીજા કામે જરા દૂર ગઈ. તેનો નાનો છોકરો પાછળ સગડી પાસે બેઠો હતો; શિયાળાનો દિ' હતો. છોકરાએ નોટોના કાગળિયા લઈને સગડીમાં નાખ્યા ને ભડકો થયો એટલે તાપવા લાગ્યો...ત્યાં તો મા આવી, છોકરો કહે–બા, જો...મેં કેવી સગડી કરી ! જોતાવેંત મા સમજી ગઈ કે અરે, આણે તો પાંચ હજાર રૂ.નો ભડકો કર્યો ! એને એવો ક્રોધ ચડ્યો ને છોકરાને એટલો બધો માર્યો કે છોકરો મરી ગયો. જુઓ, પુત્ર કરતાં ય ધન કેટલું વહાલું છે !!

બીજો એક બનાવ : એક ભરવાડણ દૂધ વેચીને તેના ત્રણ રૂપિયા લઈને પોતાને ગામ જતી હતી; દુષ્કાળના દિવસો હતા, રસ્તામાં લુંટારુ મળ્યા. બાઈને બીક લાગી કે આ લોકો મારા રૂપિયા પડાવી લેશે, એટલે તે રોકડા ત્રણ રૂપિયા પેટમાં ગળી ગઈ. પણ લૂટારૂઓએ તે જોયું ને બાઈને મારી નાખીને તેના પેટમાંથી રૂપિયા કાઢ્યા.—જુઓ, આ ક્રૂરતા ! આવા જીવો દોડીને નરકે ન જાય તો બીજે ક્યાં જાય ? આવા તીવ્ર પાપનાં પરિણામ તો જિજ્ઞાસુને હોય જ નહિ. ઘણા લોકોને તો લક્ષ્મી રળવાની ધૂન આડે પૂરું ખાવાનોય વખત ન મળે, દેશ છોડીને અનાર્ય જેવા પરદેશમાં જાય, જ્યાં ભગવાનના દર્શન પણ ન મળે, સત્સંગ પણ ન મળે; અરે ભાઈ ! જેને ખાતર તેં આટલું કર્યું તે લક્ષ્મીનો કંઈક સદ્ઉપયોગ કર. ૫૦–૬૦ વર્ષ સંસારની મજુરી કરી કરીને, મરવા પડ્યો હોય, મરતાં મરતાં છેલ્લી ઘડીએ બચી જાય ને પથારીમાંથી ઊઠે તોપણ પાછો ત્યાં ને ત્યાં પાપકાર્યમાં જોડાઈ જાય છે.—પણ એમ નથી વિચારતો કે અરે, જીંદગી આખી ધન રળવામાં ગૂમાવી ને મફતનાં પાપ બાંધ્યાં, છતાં આ ધન તો કાંઈ સાથે આવવાનું નથી, માટે મારા હાથે રાગ ઘટાડીને એનો કંઈક સદ્ઉપયોગ કરું; ને જીવનમાં કાંઈક આત્માનું હિત થાય એવો ઉદ્યમ કરું. દેવ-ગુરુ-ધર્મનો ઉત્સાહ, સત્પાત્રદાન, તીર્થયાત્રા વગેરેમાં રાગ ઘટાડીશ ને લક્ષ્મીનો ઉપયોગ કરીશ તોપણ તને અંતરમાં એમ સંતોષ થશે કે જીવનમાં આત્માના હિત માટે મેં કંઈક કર્યું છે. બાકી એકલા પાપમાં જ જીવન ગાળીશ તો તારી લક્ષ્મી પણ નિષ્ફળ જશે ને મરણ ટાણેય તું પસ્તાઈશ કે અરે, જીવનમાં આત્માના હિત માટે કાંઈ ન કર્યું; અશાંતિપણે દેહ છોડીને કોણ જાણે ક્યાં જઈને ઉતારા કરીશ ? માટે હે ભાઈ ! છઠ્ઠા–સાતમા ગુણસ્થાને ઝૂલતા મુનિરાજે કરુણા કરીને તારા હિતને માટે આ શ્રાવકધર્મનો ઉપદેશ આપ્યો છે. તારી પાસે ગમે તેટલા ધનના ઢગલા


(જુઓ અનુસંધાન પેજ નં. ૧૯ ઉપર)

**રાગાદિ સહ આત્મા તણો, ને સ્પર્શ સહ પુદ્‌ગલ તણો,**
**અન્યોન્ય જે અવગાહ તેને બંધ ઉભયાત્મક કહ્યો. ૧૭૭. –શ્રી પ્રવચનસાર**



# અનુભવપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

આ અનુભવપ્રકાશગ્રંથ આત્મઅનુભવનો નાનો પણ ભાવવાહી સુંદર ગદ્યગ્રંથ છે. તેમાં આત્માનું સ્વરૂપ, સ્વરૂપપ્રાપ્તિનો ઉપાય, સાધ્ય-સાધકભેદ, અનુભવનું વર્ણન, સમાધિવર્ણન વગેરે વિષયોને સંક્ષેપમાં ચર્ચી, આત્મરસનું આસ્વાદન કરવાની રીત દર્શાવેલ છે.


ૐ
આત્માને સાચા જ્ઞાન-ધ્યાનથી
નિર્વિકલ્પ અનુભવ કરવો હોય, ફરીફરી
કાળ રહે અને ફરીને આંતરે આવે એ
વાત આ અનુભવપ્રકાશમાં ખાસ વર્ણવવા-
માં આવી છે.
શ્રી દીપચંદજી સાધર્મીએ પોતે
અનુભવનો રસ સ્થંભ દાખીને આ શાસ્ત્ર
રચેલ છે; માટે આત્માર્થી જીવોએ આ
શાસ્ત્ર વારં વાર અભ્યાસ, ચિંતવન
અને વિચારમાં લેવા જેવું છે

પૂજ્ય ગુરુદેવશ્રીનાં હસ્તાક્ષર

## વચનામૃત

૧. ગુપ્ત અને પ્રગટ એ અવસ્થાભેદ છે, “બંને અવસ્થામાં સ્વરૂપ જેવું ને તેવું છે.” એવો શ્રદ્ધાભાવ સુખનું મૂળ છે.

૨. તારો નાથ નિજજ્ઞાનમહિમાને છૂપાવીને બેઠો છે. તેને તું પિછાણ. આ ગુપ્તજ્ઞાન થયું. એટલે તારો નાથ છૂપાયેલો રહેશે નહિ.

સપ્રદેશ છે તે જીવ, જીવપ્રદેશમાં આવે અને
પુદ્‌ગલસમૂહ રહે યથોચિત, જાય છે, બંધાય છે. ૧૭૮. –શ્રી પ્રવચનસાર

૩. મારું જ્ઞાન એ જ હું છું, પર-વિકાર પર છે. જ્યાં જ્યાં જાણપણું છે ત્યાં ત્યાં 'હું' એવો દ્રઢભાવ તે સમ્યક્ત્વ છે.

૪. નરભવ તો સદા કાંઈ રહે નહિ. સાક્ષાત્ મોક્ષસાધનરૂપ જ્ઞાનકલા આ ભવ વિના અન્ય જગ્યાએ ઊપજતી નથી. તેથી વારંવાર કહેવામાં આવે છે કે—નિજબોધકલાના બળ વડે નિજસ્વરૂપમાં રહો. નિરંતર આ જ યત્ન કરો.

૫. શરીર જડ અનંતા છોડ્યા પણ દર્શન-જ્ઞાન સદાય સાથ રહ્યા કરે. વળી અત્યારે પણ દેખનાર-જાણનાર આ મારો ઉપયોગ તે જ મારું સ્વરૂપ છે. તેવી રીતે ઉપયોગી-અનુપયોગી વિચારતાં જડ-ચેતનની પ્રતીતિ થાય.

૬. અનાદિના અજ્ઞાનથી જ્ઞાન ગુપ્ત થયું છે. શુદ્ધ-અશુદ્ધ બંને દશામાં જ્ઞાન શાશ્વત શક્તિને ધારે છે. ચિદ્વિકાર ભાવ ક્રોધાદિરૂપ થતાં થાય છે, તે જ ભાવને મટાડી પોતે નિર્વિકાર સહજભાવને પોતાનામાં આચરણ-વિશ્રામ-સ્થિરતાના પરિણામ કરી, કરો.

૭. ચિદાનંદ પોતાને ભૂલ્યો છે, પરમાં પોતાને જાણ્યો છે. પોતે પોતાની ભૂલ મટાડો. સદા ઉપયોગધારી આનંદરૂપ પોતે સ્વયમેવ જ યત્નવિના(સહજ) બન્યો છે, તેથી નિજને નિહાળવાનું જ કાર્ય છે. નિજની શ્રદ્ધા આવતાં નિજ અવલોકન થાય છે.

૮. કોઈ કહેશે કે આજના સમયમાં નિજ સ્વરૂપની પ્રાપ્તિ કઠણ છે, તેમ કહેનાર સ્વરૂપ પામવાની ચાહ મટાડનાર બહિરાત્મા છે.


૯. અવિદ્યારૂપ જડની અલ્પશક્તિથી તારી મહા શક્તિ ન હણાય જાય. પરંતુ તારી શુદ્ધ શક્તિ પણ મહાન, તારી અશુદ્ધશક્તિ પણ મહાન.

૧૦. દેખો! દેખો! ત્રણ લોકનો નાથ ભૂલી નીચ એવા પરને આધીન થયો. પોતાની નિધિ ન પિછાણી, ભિખારી બની ફરે છે. નિધિ ચેતના છે. તે પોતે જ છે, દૂર નથી, દેખવું દુર્લભ છે. દેખે તો સુલભ છે.

૧૧. સમ્યક્ત્વ વિનાનો શુભોપયોગ સંસારસુખ આપે, દેવપદ આપે કે રાજપદ આપે. ત્યાં દેવગુરુશાસ્ત્રનું નિમિત્ત હોય તેને લાભ થવો હોય તો થાય, નહિ તો ન થાય. કાર્યને કારણ નિયમ વગર છે. એવી રીતિ જાણવી.

—અનુભવપ્રકાશ

જીવ રક્ત બાંધે કર્મ, રાગ રહિત જીવ મુકાય છે;<br>—આ જીવ કેરા બંધનો સંક્ષેપ નિશ્ચય જાણજે. ૧૭૯. –શ્રી પ્રવચનસાર



## પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં વચનામૃત ઉપર પરમપૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના પ્રવચનો

### વચનામૃત–૨૫

પહેલી ભૂમિકામાં શાસ્ત્રવાંચન–શ્રવણ–મનન આદિ બધું હોય, પણ અંદર તે શુભ ભાવથી સંતોષાઈ ન જવું. આ કાર્યની સાથે જ એવી ખટક રહેવી જોઈએ કે આ બધું છે પણ માર્ગ તો કોઈ જુદો જ છે. શુભાશુભ ભાવથી રહિત માર્ગ અંદર છે—એ ખટક સાથે જ રહેવી જોઈએ. ૨૫.

**‘પહેલી ભૂમિકામાં શાસ્ત્રવાંચન-શ્રવણ-મનન આદિ બધું હોય, પણ અંદર તે શુભ ભાવથી સંતોષાઈ ન જવું.’**

એ જ વાત આ ૨૫મા બોલમાં લીધી છે. પહેલી ભૂમિકામાં—શરૂઆતમાં તો શાસ્ત્રવાંચન-શ્રવણ-મનન વગેરે હોય છે.

પ્રશ્નઃ—શાસ્ત્ર તો બધા સંપ્રદાયમાં હોય છે!

ઉત્તરઃ—તે શાસ્ત્રો નહિ, અહીં તો સર્વજ્ઞદેવની વાણી અનુસાર—સર્વજ્ઞની આમ્નાય પ્રમાણે—હોય તેવાં શાસ્ત્રોની, દિગંબર જૈનધર્મનાં શાસ્ત્રોની વાત છે. એ જ સાચાં શાસ્ત્રો છે. એની વાણી તો જુઓ! એક ‘वंदितु सव्वसिद्धे’ પદમાં કેવા ભાવ ભર્યા છે! અલૌકિક વાણી છે એ દિગંબર સંતોની! દિગંબરનાં શાસ્ત્રો સિવાય બીજાં કોઈ સાચાં છે નહિ.

પ્રશ્નઃ—દિગંબર સમાજને તેનાં શાસ્ત્રોની ખબર નથી?

ઉત્તરઃ—એનાં શાસ્ત્રોમાં છે એ વાતની એને ખબર નથી. ૪ હજાર શ્લોકપ્રમાણ આત્મખ્યાતિ ટીકા છે, એમાં આત્મા પૂર્ણાનંદનો નાથ છે તેની પ્રસિદ્ધિના ભાવો ભર્યા છે. સમયસારની ટીકા શ્રી અમૃતચંદ્ર-આચાર્યદેવે અને નિયમસારની તાત્પર્યવૃત્તિ ટીકા શ્રી પદ્મપ્રભમલધારીદેવે લખી છે. એક આચાર્ય છે ને બીજા મુનિરાજ છે; પદવીની પર્યાયમાં ફેર છે પણ વસ્તુની દૃષ્ટિમાં કાંઈ ફેર નથી. અહા! અતીન્દ્રિય આનંદના વેદનના જેમને સડકા આવે છે, ઊભરા આવે છે એવા, અંતર આનંદસ્વરૂપમાં ડૂબકી

**પર માંહી શુભ પરિણામ પુણ્ય, અશુભ પરમાં પાપ છે;<br>નિજદ્રવ્યગત પરિણામ સમયે દુઃખક્ષયનો હેતુ છે. ૧૮૧.　　–શ્રી પ્રવચનસાર**

મારતા મુનિઓ કે જેમને ક્ષણે ને પળે અપ્રમત્તદશા આવે છે તેમને પણ, વિકલ્પ આવે છે ત્યારે શાસ્ત્રવાંચન આદિ હોય છે. અહીં તો પહેલી ભૂમિકાની વાત કહી છે. તે શાસ્ત્ર કેવાં? ભગવાનનાં કહેલાં. સમયસારની પહેલી ગાથામાં કહ્યું છેઃ 'वोच्छामि समयपाहुडमिणमो सुदकेवली भणिदं।

'ધ્રુવ, અચલ ને અનુપમ ગતિ પામેલ સર્વે સિદ્ધને
વંદી કહું શ્રુતકેવળીભાષિત સમયપ્રાભૃત અહો!'

'શ્રુતકેવળી' શબ્દમાંથી કેવળી અને શ્રુતકેવળી, એમ બે અર્થ ટીકાકારે કાઢ્યા છે. એ કેવળી-શ્રુતકેવળીનાં તેમ જ આચાર્ય વગેરેનાં કહેલાં શાસ્ત્રો—સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય, અષ્ટપાહુડ, દ્રવ્યસંગ્રહ, ઈષ્ટોપદેશ, કાર્તિકેયાનુપ્રેક્ષા, સમાધિશતક અને તત્ત્વાર્થસૂત્ર આદિ બધાં શાસ્ત્રો—નાં વાંચન-વિચાર પ્રથમ ભૂમિકામાં આવે. આ શાસ્ત્રો વિના બીજા સંપ્રદાયના શાસ્ત્રો લેવા જઈશ તો કાંઈ હાથ નહિ આવે. બીજા પણ એમ કહે કે અમારાં શાસ્ત્ર જિનવરકથિત છે, પણ પરીક્ષા પોતે કરવી જોઈએ. મોક્ષમાર્ગ-પ્રકાશકમાં કેવાં શાસ્ત્રો વાંચવાં જોઈએ, સાંભળવાં જોઈએ એ વાત લખી છે. એકલું વાંચન-શ્રવણ કરે એમ નહિ, પણ તેનું ઊંડું મનન કરે. 'વાંચે પણ નહિ કરે વિચાર, તે સમજે નહિ સઘળો સાર.' વાંચન-મનનના શુભ વિકલ્પ આવે ખરા, પણ તેમાં સંતોષાઈ ન જવું. મેં ઘણાં શાસ્ત્ર વાંચ્યાં, મનન કર્યાં એમ માને. પણ તેથી શું? એ તો શુભ ભાવ છે; એ સમ્યગ્દર્શન કે ધર્મ નથી. આવી વાત છે ભાઈ!

આ આત્મા અંદર દેહનાં રજકણથી જુદી ચીજ છે, સર્વજ્ઞસ્વરૂપી વસ્તુ છે. વસ્તુમાં જ્ઞાનસ્વભાવ છે કે નહિ? એવો સ્વભાવ ક્યાંય છે બીજે? આ શરીરમાં—માટીમાં ને વાણીમાં ક્યાંય છે? જાણનાર...જાણનાર...., જેની ભૂમિકાના તળમાં 'જાણવું' ભર્યું છે એવા જાણનસ્વભાવી આત્માનું વાંચન-શ્રવણ-મનન હોવા છતાં તેનાથી સંતોષાઈ ન જવું; એ તો શુભભાવ છે, પુણ્ય છે.

'આ કાર્યની સાથે જ એવી ખટક રહેવી જોઈએ કે આ બધું છે પણ માર્ગ તો કોઈ જુદો જ છે.'

આત્મા છે તે જાણનાર-વસ્તુ છે. જાણનાર કોને ન જાણે? જાણનાર છે તેને મર્યાદા શી? ક્યા કાળ અને ક્યા ભાવને ન જાણે? સર્વજ્ઞસ્વભાવથી ભરેલો આત્મા છે.

**સ્થાવર અને ત્રસ પૃથ્વીઆદિક જીવકાય કહેલ જે,**
**તે જીવથી છે અન્ય તેમ જ જીવ તેથી અન્ય છે. ૧૮૨. –શ્રી પ્રવચનસાર**

એ આત્મા જેમને સર્વજ્ઞદશાપણે પ્રગટ્યો છે તેમના કહેલાં શાસ્ત્રો વાંચવાં—એનું નામ અહીં શાસ્ત્રવાંચન છે. શાસ્ત્રવાંચન-વિચારમાં સાથે એમ રહેવું જોઈએ કે—અંદર ચીજ કોઈ આનાથી ભિન્ન છે.

'શુભાશુભ ભાવથી રહિત માર્ગ અંદર છે—એ ખટક સાથે જ રહેવી જોઈએ.'

આત્મા વસ્તુ છે, અસ્તિ છે, મોજૂદ ચીજ છે, પોતાથી પરિપૂર્ણ છે. વસ્તુ હોય તે પોતે અધૂરી ને વિપરીત હોય નહિ. એવા ભાવની અંદર ખટક રહેવી જોઈએ. શ્રવણ-વાંચન વગેરે બધું હોય, પણ માર્ગ તો અંદર કોઈ જુદો જ છે. દયા-દાન, વ્રત-ભક્તિના તથા વાંચન-વિચારના ભાવ શુભ છે ને હિંસા વગેરેના ભાવ અશુભ છે—એ બંને ભાવ વિકૃત છે, કૃત્રિમ છે, સંયોગી છે, ને જ્ઞાયકસ્વભાવી ભગવાન આત્મા ભિન્ન છે, એ ખટક સાથે જ રહેવી જોઈએ. શુભભાવના કાળે પણ, અંદર આ શુદ્ધ ચૈતન્યવસ્તુ ભિન્ન છે, એ વસ્તુ મારે પામવી છે, એવી ખટક નિરંતર રહેવી જોઈએ. શાસ્ત્રવાંચન-વિચારના શુભભાવમાં સંતોષાઈ જવું જોઈએ નહિ. (ક્રમશઃ) ❊

(અનુસંધાન પેજ નં. ૧૪ થી ચાલુ)

હોય,—પણ તેમાંથી તારું કેટલું ?—કે તું દાનમાં વાપર તેટલું તારું. રાગ ઘટાડીને દાનાદિ સત્કાર્યમાં વપરાય એટલું જ ધન સફળ છે. વારંવાર સત્પાત્ર દાનના પ્રસંગથી, મુનિવરો—ધર્માત્માઓ વગેરે પ્રત્યે બહુમાન, વિનય, ભક્તિ વગેરે પ્રકારે તને ધર્મના સંસ્કાર રહ્યા કરશે, ને સંસ્કાર પરભવમાંય સાથે આવશે.—લક્ષ્મી કાંઈ પરભવમાં સાથે નહિ આવે. માટે કહે છે કે સંસારના કાર્યોમાં (વિવાહ, ભોગોપભોગ વગેરેમાં) તું લોભ કરતો હો તો ભલે કર, પણ ધર્મકાર્યોમાં તું લોભ કરીશ નહિ, ત્યાં તો ઉત્સાહપૂર્વક વર્તજે. જે પોતાને ધર્મી—શ્રાવક કહેવડાવે છે પણ ધર્મકાર્યોમાં ઉત્સાહ તો આવતો નથી, ધર્મને ખાતર ધન વગેરેનો લોભ પણ ઘટાડી શકતો નથી, તો આચાર્યદેવ કહે છે કે તે ખરેખર ધર્મી નથી પણ દંભી છે, ધર્મીપણાનો તે ખાલી દંભ કરે છે. ધર્મનો જેને ખરેખર રંગ હોય તેને તો ધર્મપ્રસંગમાં ઉત્સાહ આવે જ; ને ધર્મના નિમિત્તોમાં જેટલું ધન ખર્ચાય તેટલું જ સફળ છે—એમ સમજીને દાન વગેરેમાં તે ઉત્સાહથી વર્તે છે.

આ રીતે દાનની વાત કરી; એ જ વાત હજી વિશેષ પ્રકારે કરે છે.

**પરને સ્વને નહિ જાણતો એ રીત પામી સ્વભાવને,**
**તે 'આ હું, આ મુજ' એમ અધ્યવસાન મોહ થકી કરે. ૧૮૩. –શ્રી પ્રવચનસાર**

# ભેદવિજ્ઞાનનો મહિમા

### (૬) ભેદવિજ્ઞાનનો મહિમા

આમાં તો ભેદજ્ઞાનને જ મલાવ્યું છે; ભેદવિજ્ઞાનનું અપાર માહાત્મ્ય છે. ભેદવિજ્ઞાનનો મહિમા બતાવતાં કહે છે કે—

**भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन।**
**अस्यैवाभावतो बद्धा बद्धा ये किल केचन॥१३१॥**

અર્થ :–જે કોઈ સિદ્ધ થયા છે તે ભેદવિજ્ઞાનથી જ સિદ્ધ થયા છે. જે કોઈ બંધાયા છે તે તેના (ભેદવિજ્ઞાનના) જ અભાવથી બંધાયા છે.

અનાદિ કાળથી માંડીને જ્યાં સુધી જીવને ભેદવિજ્ઞાન નથી ત્યાં સુધી તે કર્મથી બંધાયા જ કરે છે–સંસારમાં રઝળ્યા જ કરે છે; જે જીવને ભેદવિજ્ઞાન થાય છે તે કર્મથી છૂટે જ છે–મોક્ષ પામે જ છે. માટે કર્મબંધનું અર્થાત્ સંસારનું મૂળ ભેદવિજ્ઞાનનો અભાવ જ છે અને મોક્ષનું પ્રથમ કારણ ભેદવિજ્ઞાન જ છે. ભેદવિજ્ઞાન વિના કોઈ સિદ્ધિ પામી શકતું નથી.

### (૭) આત્મા અને બંધભાવ વચ્ચે ભેદ

આત્માના બધા ગુણોમાં અને બધી ક્રમવર્તી પર્યાયોમાં ચેતના વ્યાપીને પ્રવર્તે છે તેથી ચેતના જ આત્મા છે. ક્રમવર્તી પર્યાયો કહેતાં રાગાદિ વિકાર તેમાં ન લેવો પણ શુદ્ધ પર્યાય જ લેવી, કેમકે રાગ બધી પર્યાયોમાં વ્યાપીને પ્રવર્તતો નથી. રાગ વગરની પર્યાય તો હોઈ શકે, પરંતુ ચેતના વગરની કોઈ પર્યાય હોય નહિ. ચેતના તો આત્માની દરેક પર્યાયમાં હોય જ. માટે રાગ તે આત્મા નથી પણ ચેતના તે જ આત્મા છે. બંધભાવો તરફ ન ઢળતાં અંતર સ્વભાવ તરફ ઢળીને જે ચૈતન્ય સાથે એકમેક થાય છે એવી નિર્મળ પર્યાયો તે જ આત્મા છે. આ રીતે નિર્મળ પર્યાયોને આત્મા સાથે અભેદ કરીને તેને જ આત્મા કહ્યો અને વિકારભાવને બંધભાવ કહીને તેને આત્માથી જુદો પાડ્યો; આ ભેદજ્ઞાન થયું.

બંધરહિત પોતાના શુદ્ધસ્વરૂપને જાણ્યા વગર બંધભાવને પણ યથાર્થપણે જાણી

**નિજ ભાવ કરતો જીવ છે કર્તા ખરે નિજ ભાવનો;**
**પણ તે નથી કર્તા સકલ પુદ્ગલદરવમય ભાવનો. ૧૮૪.** **–શ્રી પ્રવચનસાર**

શકાય નહિ. પુણ્ય-પાપ બંને વિકાર છે. તેઓ આત્મા નથી; આ ચૈતન્યસ્વભાવ તે જ આત્મા છે. જેટલા દયા-દાન-ભક્તિ વગેરેના શુભભાવો છે તેઓનો મેળ આત્મા સાથે નથી પણ બંધ સાથે છે.

પ્રશ્ન :—પુણ્ય તે આત્મા નથી તો પછી પર જીવની દયા ન કરવી ને ?

ઉત્તર :—અરે ભાઈ ! કોઈ આત્મા પર જીવોની દયા પાળી શકતો જ નથી કેમકે પર જીવને મારવા કે બચાવવાની ક્રિયા આત્માની છે જ નહીં; આત્મા તો ફક્ત તેના પ્રત્યે દયાની શુભ લાગણી કરે; પરંતુ જો દયાની શુભ લાગણીને પોતાનું સ્વરૂપ માને તો તેને મિથ્યાત્વનું મોટું પાપ લાગે. શુભ કે અશુભ કોઈપણ લાગણી આત્મકલ્યાણમાં કિંચિત્ મદદગાર નથી કેમ કે તે લાગણીઓ આત્માના સ્વભાવથી વિપરીત લક્ષણવાળી છે, પુણ્ય-પાપના ભાવ તે અનાત્મા છે; તેઓ બંધનું લક્ષણ છે, આત્માનું નહિ.

**(૮) જ્ઞાનનું કાર્ય :**

સાધકદશામાં રાગ થાય છતાં જ્ઞાન તેનાથી જુદું છે. રાગ વખતે રાગને રાગ તરીકે જાણી લીધો ત્યાં તે જાણનારું જ્ઞાન રાગથી જુદું રહ્યું છે. જો જ્ઞાન અને રાગ એકમેક થઈ ગયા હોય તો રાગને રાગ તરીકે જાણી શકાય નહિ. રાગને જાણનારું જ્ઞાન આત્મા સાથે એકતા કરે છે અને રાગ સાથે અનેકતા (ભિન્નતા) કરે છે. જ્ઞાનનું સામર્થ્ય એવું છે કે રાગને પણ જાણે છે. જ્ઞાનમાં રાગ જણાય છે તે તો જ્ઞાનની સ્વપરપ્રકાશક શક્તિનો વિકાસ છે, પરંતુ અજ્ઞાનીને પોતાના સ્વતત્ત્વની શ્રદ્ધા નહિ હોવાથી તે રાગને અને જ્ઞાનને જુદા પાડી શકતો નથી તેથી તે રાગને જ પોતાનું સ્વરૂપ માને છે, તે જ સ્વતત્ત્વનો વિરોધ છે. ભેદજ્ઞાન થતાં જ જ્ઞાન અને રાગ જુદા જણાય છે. ભેદવિજ્ઞાની જીવ જ્ઞાનને પોતાપણે અંગીકાર કરે છે અને રાગને બંધપણે જાણીને તેને છોડી દે છે. આ ભેદજ્ઞાનનો જ મહિમા છે.

રાગ વખતે 'હું રાગપણે જ (સ્વભાવે) થઈ ગયો છું' એમ માનવું તે એકાંત છે, પરંતુ રાગ વખતે પણ 'હું તો જ્ઞાનપણે જ છું, હું રાગપણે થતો જ નથી'—એમ ભિન્નપણાની પ્રતીત કરવી તે અનેકાંત છે. રાગને જાણતાં જ્ઞાન એમ જાણે છે કે 'આ રાગ છે;' પરંતુ ''આ રાગ હું છું'' એમ જ્ઞાન (સમ્યગ્જ્ઞાન) જાણતું નથી, કેમ કે જ્ઞાન પોતાનું કાર્ય રાગથી જુદું રહીને કરે છે. દૃષ્ટિનું જોર જ્ઞાનસ્વભાવ તરફ વળવું જોઈએ,

**જીવ સર્વ કાળે પુદ્‌ગલોની મધ્યમાં વર્તે ભલે,**
**પણ નવ ગ્રહે, ન તજે, કરે નહિ જીવ પુદ્‌ગલકર્મને. ૧૮૫. –શ્રી પ્રવચનસાર**

તેને બદલે અજ્ઞાનીને રાગ તરફ વળે છે તે જ અજ્ઞાન છે. જેનું વજન જ્ઞાન તરફ ઢળે છે તે રાગને નિઃશંકપણે જાણે છે, પણ રાગને જાણતાં પોતાના જ્ઞાનસ્વભાવમાં તેને શંકા પડતી નથી. અને જેને જ્ઞાન તરફ વજન નથી તેને રાગને જાણતાં ભ્રમ પડે છે કે આ રાગ કેમ? રાગ વખતે રાગથી જુદું જ્ઞાનસ્વરૂપ છે તે તેને ભાસતું નથી. પણ ભાઈ! તારી દૃષ્ટિ જ્ઞાનસ્વભાવ ઉપરથી ખસીને રાગ ઉપર કેમ જાય છે? આ રાગ જણાય છે તે તો જ્ઞાનની જાણવાની તાકાત ખીલી છે તે જ જણાય છે—એમ જ્ઞાન અને રાગને જુદા ઓળખીને તારા જ્ઞાનસ્વભાવ તરફ વળ, એ જ મુક્તિનો ઉપાય છે. જ્ઞાન ઉપર જોર દેતાં જ્ઞાન સંપૂર્ણ ખીલી જશે, અને રાગ સર્વથા તૂટી જશે—એટલે મુક્તિ થશે. ભેદજ્ઞાનનું જ તે ફળ છે.

રાગ વખતે, 'આ રાગ જણાય છે તે મારા જ્ઞાનનું સામર્થ્ય છે પણ રાગનું સામર્થ્ય નથી', આમ જેણે રાગથી ભિન્નપણે જ્ઞાનસામર્થ્યની પ્રતીત કરી તેને એકલું જ્ઞાતાપણું રહી ગયું અને જ્ઞાતાપણાના જોરે બધાય વિકારનો કર્તાભાવ ઉડાડી દીધો, તે ધર્મ છે.

**(૯) જ્ઞાનનું સામર્થ્ય; ચારિત્રનું સાધન :**

કોઈ એમ માને કે મહાવ્રતના શુભવિકલ્પથી ચારિત્રદશા પ્રગટે, તો તે મિથ્યાદૃષ્ટિ છે. કેમ કે વ્રતનો વિકલ્પ તે તો રાગ હોવાથી બંધનું લક્ષણ છે અને ચારિત્ર તે તો આત્મા છે. શુભરાગને ચારિત્રનું સાધન માન્યું તેણે બંધને અને આત્માને એક માન્યાં પણ જુદા જાણ્યાં નહિ તેથી તે મિથ્યાદૃષ્ટિ છે, તેણે રાગરહિત આત્માના જ્ઞાનસામર્થ્યને ઓળખ્યું નથી. વ્રતનો શુભ વિકલ્પ ઊઠ્યો તે વખતે આત્માના જ્ઞાનની પર્યાયનું સામર્થ્ય જ એવું ખીલ્યું છે કે તે જ્ઞાન આત્માના સ્વભાવને પણ જાણે અને વિકલ્પને પણ જાણે. તે પર્યાયમાં વિકલ્પનું જ જ્ઞાન હોય બીજું હોય જ નહીં, પરંતુ ત્યાં જે વિકલ્પ છે તે ચારિત્રનું સાધન નથી, પણ જે જ્ઞાનસામર્થ્ય ખીલ્યું છે તે જ્ઞાન જ પોતે ચારિત્રનું સાધન છે. હે આત્મા! તારી જ્ઞાયકપર્યાય તે જ તારી શુદ્ધતાનું સાધન છે અને વ્રતનો રાગ તે તો તારી જ્ઞાયકપર્યાયનું તે સમયનું પરજ્ઞેય છે. મહાવ્રતનો વિકલ્પ ઊઠ્યો માટે ચારિત્ર પ્રગટ્યું એમ નથી, પરંતુ જ્ઞાન તે વૃત્તિને અને સ્વભાવને બંનેને ભિન્ન જાણીને સ્વભાવ તરફ ઢળ્યું તેથી જ ચારિત્ર પ્રગટ્યું છે. શુભવૃત્તિ તો બંધભાવ છે અને હું તો જ્ઞાયક છું એમ જ્ઞાયકભાવની દૃઢતાના જોરે વૃત્તિને તોડીને જ્ઞાન પોતાના સ્વરૂપમાં લીન થાય છે અને ક્ષપકશ્રેણી માંડીને કેવળજ્ઞાન અને મોક્ષ પામે છે. આથી ભગવતી પ્રજ્ઞારૂપી છીણી તે જ મોક્ષનું સાધન છે. (ક્રમશઃ) ❊

# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

પ્રશ્ન :—ભેદજ્ઞાની શું કરે છે?

ઉત્તર :—તે ધર્માત્મા પોતાના ભેદવિજ્ઞાનની શક્તિ વડે નિજ મહિમામાં લીન થાય છે; તેઓ રાગરૂપે જરા પણ નથી પરિણમતા, જ્ઞાનરૂપે જ રહે છે.

પ્રશ્ન :—જ્ઞાનીને શરીર જેમ ભિન્ન દેખાય છે તેમ રાગાદિ ભિન્ન દેખાય છે?

ઉત્તર :—જ્ઞાનીને રાગાદિ શરીરની જેમ જ ભિન્ન દેખાય છે, અત્યંત ભિન્ન દેખાય છે.

પ્રશ્ન :—શરીર તો આત્માથી જુદું કહ્યું, તે તો ઠીક, પણ રાગ આત્માથી જુદો, એ જરા કઠણ પડે તેવું છે!

ઉત્તર :—ચૈતન્યમાં અંદર ગયો એટલે પુણ્ય-પાપ ભાવનો સાક્ષી થઈ ગયો તેથી તે ભાવે જુદા છે, કાળે જુદા છે, ક્ષેત્રે પણ જુદા છે. વસ્તુ જુદી જ છે. આત્મા તો એકલો જ્ઞાનઘન ચૈતન્યપુંજ છે.

પ્રશ્ન :—સુખ-દુઃખની કલ્પના જીવને થતી દેખાય છે ને સમયસાર ગાથા ૭૭માં તેને પુદ્ગલદ્રવ્યના પરિણામ કેમ કહ્યાં છે?

ઉત્તર :—સુખ-દુઃખ, હર્ષ-શોક આદિ જીવની પર્યાયમાં થાય છે. પણ ત્યાં તો દ્રવ્યદૃષ્ટિ પ્રગટ થઈ છે એવા જ્ઞાની જીવની દૃષ્ટિ દ્રવ્ય ઉપર પડી છે એની દૃષ્ટિ આત્માના આનંદમાં છે એ જીવ સુખ-દુઃખની કલ્પનાને કેમ ભોગવે? તેથી જ્ઞાનીના સુખ-દુઃખના રાગ-પરિણામને પુદ્ગલના પરિણામ કહ્યાં છે અને એ સુખ-દુઃખના પરિણામની આદિ મધ્ય ને અંતમાં અંતર્વ્યાપક થઈને પુદ્ગલદ્રવ્ય તેને ગ્રહણ કરે છે, ભગવાન આત્મા તેને ગ્રહણ કરતો કે ભોગવતો નથી. કેમ કે આત્માનું સ્વરૂપ જ્ઞાયક છે; કલ્પનાના સુખ-દુઃખનું ભોગવવું તેનું સ્વરૂપ નથી. પર્યાયમાં સુખ-દુઃખની કલ્પના થાય છે પણ દ્રવ્યદૃષ્ટિવંત જ્ઞાની તેનો કર્તા-ભોક્તા થતો નથી.

**તે હાલ દ્રવ્યજનિત નિજ પરિણામનો કર્તા બને,**
**તેથી ગ્રહાય અને કદાપિ મુકાય છે કર્મો વડે. ૧૮૬.** **–શ્રી પ્રવચનસાર**


## ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના
# વૈરાગ્યપ્રેરક હૃદયોદ્‌ગારો



- પોતે અંદરથી આ કરવું જ છે, આ કર્યે જ છુટકો છે, એવા ઊંડા દઢ સંસ્કાર નાખે તો ભાવિમાં કાર્યકારી થયા વગર રહે જ નહિ. જેને ઊંડી રુચિ થઈ તેને કાળ મર્યાદિત થઈ જાય છે, સંસાર પરિત થઈ જાય છે.
- પોતે અંદરથી ખટક રાખીને વાંચન કરવાનો ટાઈમ ગોતી લેવો. કામ એવા ન હોવા જોઈએ કે પોતાને વિચાર–વાંચનમાં ડખલ થાય. એટલા બધા કામ ન હોય કે વાંચવાનો કે વિચારવાનો ટાઈમ ન મળે. જો તેવું હોય તો પોતે કામને ઓછા કરીને નિવૃત્તિ મળે એવું કરવું જોઈએ.
- સ્વરૂપ ગ્રહણની ઉગ્રતા જોઈએ. ક્યાંય ચેન ન પડે, વિકલ્પની જાળમાં પણ ચેન ન પડે, ક્યાંય સુખ લાગે નહિ, એટલી અંતરમાં ઉગ્રતા હોવી જોઈએ. પોતાનું અસ્તિત્વ ગ્રહણ કરે છે તેને સહજ આનંદ અંતરમાંથી પ્રગટે છે.
- પુરુષાર્થ કરવામાં પોતે સ્વતંત્ર છે કે પોતાના પરિણામ જે થાય છે તે કરવામાં પોતે સ્વતંત્ર છે. પોતાના પરિણામ કેમ કરવા તે પોતાના હાથની વાત છે. પણ બહારમાં જે ઉદયો આવે જેમ કે, શરીરમાં રોગ આવે, અશાતા વેદનીય આવે, ધંધામાં ખોટ જાય, એ બધાને પોતે ફેરવી શકતો નથી. રાગ-દ્વેષ કેટલા કરવા અને કેમ કરવા તે પોતે કરી શકે છે.
- સમ્યગ્દર્શનની પ્રાપ્તિ પહેલા પણ જો ચૈતન્યની ઊંડી ભાવના હોય અને પોતાને યથાર્થ લગની ઊંડાણથી લાગી હોય તો, જીવ ગમે ત્યાં જાય તોપણ પુરુષાર્થ થઈ શકે તેવો અવકાશ રહે છે.
- જીવનમાં કોઈવાર પહાડ જેવી પ્રતિકૂળતા આવી પડે તો પણ આત્મશ્રદ્ધા ગુમાવીશ નહી, મનને સમતોલ રાખવું, કોઈપણ દુઃખનો ઉકેલ અને અંત હોય છે, તારે બીજા કોઈના સહારાની જરૂર નથી, તારો જ્ઞાયક આત્મા તારી પાસે જ છે.
- અનુકૂળ–પ્રતિકૂળ સંયોગો બનવા તે તો સંસારની સ્થિતિ જ છે. તેને ફેરવવા આત્માનું સમર્થપણું નથી, પણ આ સંસાર સમુદ્રમાંથી આત્માને તારવીને ઉંચો લાવવો તે પોતાની સ્વતંત્રતાની વાત છે.

## બાળ વિભાગ

# ચોરાસીલાખના ચક્કરમાંથી છૂટીને મોક્ષનગરીમાં પ્રવેશવાનો અવસર



અરે જીવ! અનંતકાળના પરિભ્રમણમાં ચાર ગતિમાં અવતાર કરી કરીને મહા દુઃખો તેં ભોગવ્યા, એમાં માંડ-માંડ મનુષ્ય થયો, ને ૮૪ના ચક્કરમાંથી બહાર નીકળવાનો અવસર હાથમાં આવ્યો, અત્યારે બેદરકાર થઈને બીજે કાળ ગુમાવીશ તો હે ભાઈ! આંધળાની જેમ તું અવસર ચૂકી જઈશ.

એક અંધ મનુષ્યને શિવનગરીમાં પ્રવેશવાનું હતું, નગરીના ગઢને એક જ દરવાજો હતો. કોઈ દયાળુએ તેને માર્ગ દેખાડ્યો કે આ ગઢની રાંગે હાથ લગાવીને ચાલ્યા જાઓ, ફરતાં ફરતાં દરવાજો આવે એટલે અંદર પેસી જજો. વચ્ચે ક્યાંય પ્રમાદમાં અટકશો નહિ. એ પ્રમાણે ગઢને હાથ લગાડીને તે અંધ મનુષ્ય ફરવા લાગ્યો, પણ વચ્ચે વચ્ચે પ્રમાદી થઈને ઘડીકમાં પાણી પીવા રોકાય, ઘડીકમાં શરીર ખંજવાળવા રોકાય, એમ કરતાં કરતાં જ્યાં દરવાજો આવવાની તૈયારી થઈ કે બરાબર તે જ વખતે ભાઈ સાહેબ માથું ખંજવાળતા–ખંજવાળતા આગળ ચાલ્યા ગયા, ને દરવાજો તો પાછળ રહી ગયો. આમ શિવનગરીમાં પ્રવેશવાનો અવસર ચૂકીને તે પાછો ચકરાવામાં પડ્યો.

તેમ હે જીવ! આ ચોરાસીના ચકરાવામાં તને માંડ મનુષ્ય અવતાર મળ્યો, મોક્ષનગરીમાં પ્રવેશવાનો દરવાજો દેખાડનારા સંત મળ્યા, તેમણે કરુણા કરીને માર્ગ દેખાડ્યો કે અંદરના ચૈતન્યમય આત્માને સ્પર્શીને ચાલ્યો જા...એટલે મોક્ષનગરીમાં પ્રવેશવાનો 'રત્નત્રય દરવાજો' આવશે. હવે એને બદલે, અંધમનુષ્યની જેમ જે અજ્ઞાની જીવ રાગમાં ધર્મ ને ઈન્દ્રિયવિષયોમાં સુખ માનીને તેમાં રોકાય છે, ને ચૈતન્યને ઓળખવાની દરકાર કરતો નથી, તે મોક્ષનગરીમાં પ્રવેશવાનો આ અવસર ચૂકી જશે ને પાછો ચોરાસીના ચક્કરમાં પડી ચારગતિમાં રખડશે. માટે હે જીવ! તે અંધની જેમ તું આ અવસર ચૂકીશ મા. દેહની કે માન-મોટાઈની દરકાર છોડીને આત્માના હિતની સંભાળ કરજે, અનંતવાર ગાજર-મૂળામાં મફતના ભાવે વેચાણો ત્યાં કોનાં માન કરવાં? એકેન્દ્રિયના અવતારમાં ગાજર કે મૂળામાં અવતર્યો હોય, ને બજારમાં શાકવાળાને ત્યાં

તે ગાજર-મૂળાના ઢગલામાં પડ્યો હોય....શાક લેનારની સાથે નાનો છોકરો શાક સાથે ગાજર કે મૂળો મફત માગે, ને શાકવાળો તે આપે, ત્યારે તેમાં વનસ્પતિકાયપણે જીવ બેઠો હોય, તે પણ મૂળાની સાથે મફતમાં જાય.—એ રીતે મફતના ભાવે અનંતવાર વેચાયો અને અત્યારે મનુષ્ય થઈને તું મફતનો માન-અપમાનમાં જીવન કેમ ગુમાવે છે ! ભાઈ, અલ્પકાળનો આ મનુષ્ય અવતાર, તેમાં આત્મહિત માટે શું કરવાનું છે તેની દરકાર કર. સાવધાન રહીને આત્મજ્ઞાન કરીને મોક્ષનગરીના દરવાજામાં પ્રવેશી જા. જાગૃત રહેજે...આંધળાની માફક અવસર ચૂકીને ફરી ચક્કરમાં પડીશ મા.

(અનુસંધાન પેજ નં. ૧૧ થી ચાલુ)

મારા સ્વભાવમાં સંસાર નથી, એમ જે જીવ જ્ઞાનસ્વભાવની ભાવના કરે તેને આવો સંસાર રહે નહિ, પૂર્વ ભવનો મોટો વેરી હોય ને મરીને દીકરો થાય ત્યાં મમતા કરે કે "હાશ, મારો પુત્ર!" જુઓ, સંસારની વિચિત્રતા! અહો! એક જીવને એક ભવમાં ૧૮ સંબંધ થયા, તેમાં કાંઈ આશ્ચર્ય નથી. અનંત ભવ થયા તેમાં શું થાય? આ તો મનુષ્યભવની વાત કરી, તો ઢોરની શું વાત કરવી? માટે સંસારનો કોઈપણ ભવ કે ભવના કારણરૂપ ભાવ, તેની રુચિ ધર્મી જીવ કરતો નથી. આત્માનો જ્ઞાનસ્વભાવ ભવરહિત છે ને ભવના કારણથી પણ રહિત છે, એમ જાણીને ધર્મી જીવ તેની જ રુચિ અને ભાવના કરે છે. (ક્રમશઃ)

*

**શ્રી મહાવીર ભગવાન જન્મકલ્યાણક તથા**

**પૂજ્ય ગુરુદેવશ્રીના ૮૨ મા સંપ્રદાય પરિવર્તન દિવસનો મંગલ મહોત્સવ**

તીર્થંકર ભગવાન મહાવીરનો જન્મકલ્યાણક દિવસ તથા પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સંપ્રદાય પરિવર્તનના ૮૨મા વર્ષનો મંગલ ઉત્સવ શ્રી હીરાચંદભાઈ ત્રિભોવનદાસ દામાણી પરિવાર, હ. બ્ર. જશીબેન દામાણી, સોનગઢ દ્વારા સુવર્ણપુરી સોનગઢમાં ચૈત્ર સુદ–૧૩ મંગળવાર તા. ૧૯–૪–૨૦૧૫ ના રોજ પૂજન ભક્તિના વિશેષ કાર્યક્રમોપૂર્વક અત્યંત ઉલ્લાસથી ઉજવવામાં આવશે. તો આ મંગળ પ્રસંગે સર્વે મુમુક્ષુઓને આ ઉત્સવનો લાભ લેવા સોનગઢ પધારવા ભાવભીનું આમંત્રણ છે.

**પરિણામથી છે બંધ, રાગ-વિમોહ-દ્વેષથી યુક્ત જે;**
**છે મોહ-દ્વેષ અશુભ, રાગ અશુભ વા શુભ હોય છે. ૧૮૦. –શ્રી પ્રવચનસાર**

# શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢમાં ઉપલબ્ધ સાહિત્ય

## મૂળ શાસ્ત્ર – ગુજરાતી

| શાસ્ત્રનું નામ | કિંમત |
|---|---|
| શ્રી સમયસાર | ૫૦=૦૦ |
| શ્રી પ્રવચનસાર | ૨૦=૦૦ |
| શ્રી નિયમસાર | ૨૦=૦૦ |
| શ્રી પંચાસ્તિકાય સંગ્રહ | ૨૦=૦૦ |
| શ્રી પરમાત્મપ્રકાશ | ૩૦=૦૦ |
| શ્રી આત્માનુશાસન | ૧૦=૦૦ |
| શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા | ૨૪=૦૦ |
| શ્રી ઈષ્ટોપદેશ | ૨૦=૦૦ |
| શ્રી સમયસાર કલશ | ૨૦=૦૦ |
| શ્રી ચિદ્‌વિલાસ | ૧૦=૦૦ |
| શ્રી અનુભવપ્રકાશ | ૨૦=૦૦ |
| શ્રી પુરુષાર્થસિદ્ધિ ઉપાય | ૨૦=૦૦ |
| શ્રી પદ્મનંદી પંચવિંશતિકા | ૩૦=૦૦ |
| શ્રી મોક્ષમાર્ગપ્રકાશક | ૩૦=૦૦ |
| શ્રી છહઢાળા | ૧૦=૦૦ |
| શ્રી દ્રવ્યસંગ્રહ | ૧૦=૦૦ |
| શ્રી પદ્મપુરાણ | ૪૮=૦૦ |
| શ્રી ગુરુદેવશ્રીનાં વચનામૃત | ૧૦=૦૦ |
| શ્રી બહેનશ્રીનાં વચનામૃત | ૧૦=૦૦ |
| શ્રી આલોચના | ૪=૦૦ |
| શ્રી પંચસ્તોત્ર સંગ્રહ | ૧૦=૦૦ |
| શ્રી રત્નકરંડક શ્રાવકાચાર | ૩૦=૦૦ |
| શ્રી બૃહદ્-દ્રવ્યસંગ્રહ | ૨૦=૦૦ |
| શ્રી તત્ત્વજ્ઞાન તરંગિણી | ૧૦=૦૦ |
| શ્રી મોક્ષશાસ્ત્ર અર્થાત્ તત્ત્વાર્થસૂત્ર | ૪૦=૦૦ |
| શ્રી સત્તાસ્વરૂપ | ૮=૦૦ |
| શ્રી સમાધિતંત્ર | ૨૦=૦૦ |
| શ્રી પંચાધ્યાયી પૂર્વાર્ધ | ૩૫=૦૦ |
| શ્રી હરિવંશપુરાણ | ૫૦=૦૦ |

## પ્રવચન સાહિત્ય

### (પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

| | |
|---|---|
| હું પરમાત્મા (યોગસાર પ્રવચન) | ૨૦=૦૦ |
| શ્રી સમયસાર પ્રવચન ભાગ-૧-૨ | ૬૫=૦૦ |
| શ્રી સમયસાર પ્રવચન ભાગ-૩ | ૫૫=૦૦ |
| શ્રી સમયસાર પ્રવચન ભાગ-૪ | ૩૦=૦૦ |
| શ્રી મોક્ષમાર્ગપ્રકાશકના કિરણો | ૨૫=૦૦ |
| ઈષ્ટોપદેશ પ્રવચન | ૩૦=૦૦ |
| સ્યાદ્‌વાદ વિદ્યા (નય પ્રજ્ઞાપન) (પ્રવચનસાર પરિશિષ્ટ ઉપર પ્રવચન) | ૩૫=૦૦ |
| વચનામૃત પ્રવચન ભાગ-૧ | ૨૦=૦૦ |
| વચનામૃત પ્રવચન ભાગ-૨ | ૨૫=૦૦ |
| વચનામૃત પ્રવચન ભાગ-૩ | ૨૦=૦૦ |
| વચનામૃત પ્રવચન ભાગ-૪ | ૨૫=૦૦ |
| આત્મસિદ્ધિશાસ્ત્ર પર પ્રવચનો | ૨૦=૦૦ |
| અનુભવપ્રકાશ પ્રવચન | ૭=૦૦ |
| શ્રાવકધર્મપ્રકાશ (પદ્મનંદી પંચવિંશતિકાના દેશવ્રતદ્યોતન અધિકાર ઉપર પ્રવચન) | ૧૮=૦૦ |
| વીતરાગ વિજ્ઞાન (છહઢાળા પ્રવચન ભાગ ૧ થી ૬) | ૪૦=૦૦ |
| આત્મવૈભવ (૪૭ શક્તિ સ.સા. પ્રવચન) | ૨૦=૦૦ |
| આત્મભાવના (સમાધિ શતક ઉપર પ્રવચન) | ૩૮=૦૦ |
| અપૂર્વ અવસર પર પ્રવચન | ૧૦=૦૦ |
| મૂળમાં ભૂલ (ભૈયા ભગવતીદાસ તથા પં. બનારસીદાસજી કૃત ઉપાદાન-નિમિત્ત દોહા ઉપર પ્રવચન) | ૧૦=૦૦ |
| સમ્યગ્દર્શન ભાગ-૧ | ૧૨=૦૦ |
| સમ્યગ્દર્શન ભાગ-૨ | ૧૨=૦૦ |
| સમ્યગ્દર્શન ભાગ-૩ | ૧૨=૦૦ |
| સમ્યગ્દર્શન ભાગ-૪ | ૧૨=૦૦ |
| સમ્યગ્દર્શન ભાગ-૫ | ૧૨=૦૦ |
| સમ્યગ્દર્શન ભાગ-૬ | ૧૨=૦૦ |
| અધ્યાત્મ સંદેશ | ૨૦=૦૦ |
| વસ્તુવિજ્ઞાનસાર | ૮=૦૦ |
| વૈરાગ્યભાવના | ૧૮=૦૦ |
| જ્ઞાનસ્વભાવ જ્ઞેયસ્વભાવ | ૨૦=૦૦ |

## વિદ્યાર્થીઓ માટે સોનગઢમાં ગ્રીષ્મકાલીન

## ❋ ધાર્મિક શિક્ષણવર્ગ ❋

ગ્રીષ્મકાલીન શિક્ષણવર્ગ ઉનાળુ વેકેશન દરમ્યાન તા. ૨૪-૪-૨૦૧૬ રવિવારથી થી તા. ૮-૫-૨૦૧૬ રવિવાર સુધી સોનગઢમાં રાખવામાં આવેલ છે. આ પંદર દિવસીય શિક્ષણવર્ગમાં ઉત્તમ તેમજ મધ્યમ એમ બે કક્ષા રાખવામાં આવશે.

મુમુક્ષુમંડળનાં બાળકો તેમજ યુવાનોને અધ્યાત્મપ્રધાન ધાર્મિક સંસ્કાર પ્રાપ્ત થાય તે હેતુથી આપના મુમુક્ષુમંડળના બાળકો તેમજ યુવાનોને આ ધાર્મિક શિક્ષણવર્ગમાં અવશ્ય મોકલવા સર્વ મુમુક્ષુ મંડળોને અનુરોધ છે.

સૂચના— (૧) વિદ્યાર્થીઓ માટે આવાસ તથા ભોજનની વ્યવસ્થા નિઃશુલ્ક રહેશે.
(૨) વિદ્યાર્થીઓ પોતાના આગમનની આગોતરી સૂચના ટપાલ દ્વારા મોકલાવે.

*પ્રબંધક– શ્રી દિ૦ જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ*
*સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)*

## આત્મધર્મ (ગુજરાતી) માસિક-પત્ર સંબંધી માહિતી

## ફોર્મ નં. ૪, નિયમ નં. ૮

| | | |
|---|---|---|
| સમાચાર પત્રનું નામ | : | આત્મધર્મ |
| પ્રકાશન તારીખ | : | દરેક માસની પહેલી તારીખ |
| પ્રકાશક અને મુદ્રકનું નામ | : | હસમુખભાઈ પોપટલાલ વોરા, મુ. સોનગઢ, જિ. ભાવનગર |
| રાષ્ટ્રીયતા | : | ભારતીય |
| પ્રકાશન સ્થાન | : | શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ, તા. શિહોર, જિ. ભાવનગર |
| માલિક | : | શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ-૩૬૪૨૫૦ |
| તંત્રી | : | અનંતરાય વ્રજલાલ શાહ, સોનગઢ |
| મુદ્રણસ્થાન | : | કહાન મુદ્રણાલય, જૈન વિદ્યાર્થી ગૃહ, સોનગઢ |

હું હસમુખભાઈ પોપટલાલ વોરા આથી જાહેર કરું છું કે ઉપર આપેલ વિગત મારી જાણ સમજ મુજબ સાચી છે.

નિવેદક :—હસમુખભાઈ પોપટલાલ વોરા
અધ્યક્ષ : શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪૨૫૦

તા. ૧-૩-૨૦૧૬

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ અંતર્ગત

# બૃહદ્-દ્રવ્યસંગ્રહ અધ્યયન વર્ષ

**સૌજન્ય : માતુશ્રી લલિતાબેન વ્રજલાલ શાહ, પરિવાર જલગાંવ**

## પ્રશ્નપત્ર ક્રમાંક–૩ (કુલ માર્ક્સ–૫૦)

અભ્યાસ ક્રમ –**બૃહદ્-દ્રવ્યસંગ્રહ ગાથા ૧૪ થી ૨૦**

પરીક્ષાર્થીનું નામ : ................................................... ઉંમર : ..........

મંડળનું નામ : .......................................... ગામનું નામ : ................

ફોન નં.: ..................................................... તા. ૧૧-૨-૨૦૧૬

સૂચના : (૧) પ્રશ્નપત્રના ઉત્તર હિન્દી અથવા ગુજરાતીમાં આપી શકાશે.
(૨) પ્રશ્નોના ઉત્તર બૃહદ્-દ્રવ્યસંગ્રહ આધારિત આપવાના રહેશે.

**પ્રશ્ન-૧ : નીચે આપેલ પ્રશ્નોમાંથી કોઈપણ ૧૦ પ્રશ્નોના જવાબ લખો. (બે લાઈન) ૨૦**

(૧) પરમ ક્ષાયિક સમ્યક્ત્વ કોને કહેવાય છે ?
(૨) બહિરાત્મા કોણ છે ? કેવો છે ?
(૩) અંતરાત્માની વ્યાખ્યા શું છે ?
(૪) અજીવ દ્રવ્ય કેટલા છે ? તેમાં મૂર્તદ્રવ્ય કેટલાં છે ?
(૫) પુદ્ગલનો કેવો સ્વભાવ છે ?
(૬) પુદ્ગલના પર્યાય (સ્કંધો) ક્યા ક્યા છે ?
(૭) આકાશ દ્રવ્યનું કાર્ય શું છે ? તેના મુખ્ય બે ભેદ ક્યા છે ?
(૮) શું ધર્મદ્રવ્ય-અધર્મદ્રવ્ય જીવ અને પુદ્ગલને ગમન-સ્થિતિ કરાવે છે ?
(૯) ધર્મદ્રવ્ય અને અધર્મદ્રવ્ય ક્યા પ્રકારના નિમિત્તો છે ? શા માટે ?
(૧૦) પ્રેરક નિમિત્ત કોને કહેવાય છે ?
(૧૧) આગમમાં સંસ્થાન કેટલા પ્રકારનાં કહ્યાં છે ? તે પુદ્ગલ છે કે જીવ ?
(૧૨) ધર્મ-અધર્મ-આકાશ દ્રવ્યના લક્ષણો ક્યાં છે ?

**પ્રશ્ન-૨ નીચેનામાંથી કોઈપણ ચાર પ્રશ્નોના જવાબ વિસ્તારથી આપો (પાંચથી છ લાઈન) ૧૬**

(૧) સિદ્ધ ભગવાનનું સ્વરૂપ સમજાવો.
(૨) લોકાકાશની પરિભાષા શું છે ? લોકાકાશની બહાર શું છે ? તે કેવડું છે ?
(૩) અસંખ્યાતપ્રદેશી લોકાકાશમાં અનંતાનંત પુદ્ગલો વગેરે છ દ્રવ્યો કઈ રીતે સમાય છે ?
(૪) કર્મચેતના, કર્મફળચેતના અને શુદ્ધ (જ્ઞાનચેતનાનું) સ્વરૂપ સમજાવો.
(૫) પ્રસ્તુત ગ્રંથના આધારે આત્માના ત્રણ ભેદ નય વિવક્ષાથી સમજાવો.

**પ્રશ્ન-૩ નીચેના પ્રશ્નોના જવાબ આપો (એક વાક્યમાં) ૪**

(૧) શબ્દના બે પ્રકાર ક્યા છે ? ૧........................ ૨........................
(૨) પુદ્ગલના બે ભેદ ક્યા છે ? ૧ ...................... ૨ ....................
(૩) જીવ અને પુદ્ગલને ગમન કરવામાં ક્યું દ્રવ્ય નિમિત્ત છે ? ..............................
(૪) અધર્મ દ્રવ્ય શામાં નિમિત્ત છે ? ...........................

**પ્રશ્ન-૪ નીચેનામાંથી કોઈપણ એક વિષય ઉપર નિબંધ લખો (વીસ લાઈન) ૧૦**

(૧) નિમિત્ત-નૈમિત્તિક સંબંધનું સ્વરૂપ શું છે ? તે આ છ દ્રવ્યોને કઈ રીતે લાગુ થાય છે ?
(૨) આ ગ્રંથના આધારે છ દ્રવ્યોનું સ્વરૂપ અને તેમનાં કાર્ય સમજાવો.

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | |
|---|---|
| પ્રાતઃ ૬-૧૫ થી ૬-૩૫ | : પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ ૮-૦૦ થી - | : શ્રી જિનેન્દ્ર-પૂજન |
| સવારે ૮-૪૫ થી ૯-૪૫ | : પરમાગમ શ્રી સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| સવારે ૧૦-૦૦ થી ૧૦-૪૫ | : ધાર્મિક શિક્ષણવર્ગ |
| બપોરે પ્રવચન પહેલાં | : પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યુ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| બપોરે પ્રવચન પછી | : પૂજ્ય બહેનશ્રીનાં ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ | : જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૭-૪૫ થી ૮-૪૫ | : પરમાત્મપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |

## વૈરાગ્ય સમાચાર :–

વઢવાણ નિવાસી (હાલ—ચેન્નાઈ) શ્રી જસવંતલાલ ભાઈલાલભાઈ શાહનો તા. ૨૪-૧૨-૨૦૧૫ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

જામનગરનિવાસી શ્રી પ્રવીણભાઈ નથુભાઈ મહેતા તા. ૨૮-૧૨-૨૦૧૫ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

બોટાદનિવાસી આત્માર્થી અસ્મિતાબેન (-તે શ્રી જયાબેન લખુભાઈ શેઠની સુપુત્રી) (ઉ.વ. ૮૪) તા. ૨૩-૧-૨૦૧૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ ગુરુદેવશ્રીના વચનામૃત તથા બહેનશ્રીનાં વચનામૃતનો અંગ્રેજીમાં ટ્રાન્સલેશન કર્યું હતું.

જલગાંવ નિવાસી (હાલ વડોદરા) શ્રી દિલીપભાઈ આનંદીલાલ શાહના ધર્મપત્ની જયેશ્રીબેન(ઉ.વ. ૫૭)નું તા.૨૬-૧-૨૦૧૬ના રોજ દેહપરિવર્તન થયેલ છે.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટના ટ્રસ્ટી તથા શ્રી મૂળજીભાઈ લાખાણીના સુપુત્ર શ્રી રજનીભાઈનો તા. ૨૬-૧-૨૦૧૬ના રોજ શાંતિપૂર્વક દેહવિલય થયેલ છે.

ગઢડાનિવાસી (હાલ હૈદ્રાબાદ) શ્રી પ્રવીણચંદ્ર જગજીવનદાસ કામદારનું દેહપરિવર્તન તા. ૩૦-૧-૨૦૧૬ના રોજ થયેલ છે. તેઓ વારંવાર સોનગઢ આવીને તત્ત્વજ્ઞાનનો લાભ લેતા હતા.

બ્ર. શ્રી અશ્વિનભાઈ નરસીભાઈ શાહ (ઉ.વ. ૫૪)ના દેહનું પરિવર્તન તા. ૧-૨-૨૦૧૬ના રોજ શાંત પરિણામપૂર્વક થયેલ છે. તેઓ લિંબડી મુમુક્ષુમંડળના કર્મનિષ્ઠ તથા અર્પણતાવાળા મુમુક્ષુ હતા.

સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડ્યો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

## (૩૪)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્નોત્તર

### (જીવના ભાવ સંબંધી પ્રશ્નોત્તર)

(૧) જીવના ખાસ પાંચ ભાવો છે–તે ક્યા ક્યા ?
૧................ ૨................. ૩................. ૪................ ૫................

(૨) ચોથા ગુણસ્થાનથી ચૌદમા ગુણસ્થાન સુધીમાં હોય તે ક્યો ભાવ ?..................

(૩) ચોથાથી અગિયારમાં ગુણસ્થાન સુધીમાં હોય તે ક્યો ભાવ ?..........................

(૪) પહેલેથી ચૌદમા ગુણસ્થાન સુધીમાં હોય તે ક્યો ભાવ ?
૧. .......................... તેમજ ૨ ........................

(૫) પહેલેથી બારમાં ગુણસ્થાન સુધી હોય તે ક્યો ભાવ ? ..........................

(૬) સંસારી અને સિદ્ધ બધાયમાં હોય તે ક્યો ભાવ ? ..........................

(૭) સિદ્ધમાં ન હોય તે ક્યો ભાવ ?
૧........................., ૨...................... ૩ ......................

(૮) સંસારી જીવમાં ન હોય તે ક્યો ભાવ ?..................................................

(૯) બધાય સંસારી જીવોમાં હોય તે ક્યો ભાવ ? ..........................

(૧૦) સંસારમાં સૌથી ઝાઝા જીવોને હોય તે ક્યો ભાવ ? ..........................

(૧૧) સંસારમાં સૌથી ઓછા જીવોને હોય તે ક્યો ભાવ ?
૧. ...................... ૨ .......................

(૧૨) બધાય છદ્મસ્થ જીવોને હોય તે ક્યો ભાવ ?
૧ ...................... ૨ ............................

(૧૩) જ્ઞાનપર્યાયમાં લાગુ ન પડે તે ક્યો ભાવ ? ..........................

(૧૪) જીવને ધર્મની પહેલી શરૂઆત થાય ત્યારે ક્યા ક્યા ભાવો હોય ?
૧.............. ૨............... ૩.................. ને ૪.....................

(૧૫) દેવગતિમાં ક્યા ક્યા ભાવો હોઈ શકે ? ..........................

(૧૬) મનુષ્યગતિમાં ક્યા ક્યા ભાવો હોઈ શકે ? ..........................

(૧૭) નરકગતિમાં ક્યા ક્યા ભાવો હોઈ શકે ? ..........................

(૧૮) તિર્યંચગતિમાં ક્યા ક્યા ભાવો હોઈ શકે ? ..........................

(૧૯) શ્રદ્ધાનો ક્ષાયકભાવ ક્યા ગુણસ્થાને હોય ?
૧ ....................... ૨ .......................

(૨૦) જ્ઞાનનો ક્ષાયકભાવ ક્યા ગુણસ્થાને હોય ?
૧ ........................ ૨ ........................

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના આપેલ પ્રશ્નો ફેબ્રુઆરી-૨૦૧૬ના ઉત્તરો

(૧) વિપરીત
(૨) ખોટું
(૩) વર્ણ-વિભાવ અર્થ
(૪) કર્મબંધના
(૫) યોગ
(૬) ખોટી
(૭) વિપરીત
(૮) ખોટી
(૯) ૧૫
(૧૦) વિપરીત
(૧૧) સુખ – વિભાવ અર્થ
(૧૨) વિભાવ વ્યંજન
(૧૩) સિદ્ધ
(૧૪) દ્રવ્યત્વ
(૧૫) ખોટી
(૧૬) વિપરીત
(૧૭) દિવ્યધ્વનિ
(૧૮) જ્ઞાન.... સ્વભાવ અર્થ
(૧૯) સરખા
(૨૦) સમાન

## (૩૪)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

(કૌંસમાં આપેલ ત્રણ વિકલ્પમાંથી સાચો ઉત્તર ગોતીને ખાલી જગ્યા ભરો.)

(૧) જૈન દર્શન એ ................ છે. (વેષ, વસ્તુનો સ્વભાવ, સંપ્રદાય)

(૨) અસ્તિકાયનો અર્થ .................. છે. (એક પ્રદેશી, બહુ પ્રદેશી, હયાતિ)

(૩) વિષ્ણુકુમાર મુનિ .................... ભગવાનના શાસનમાં થયા હતા. (ધર્મનાથ, નેમિનાથ, અરહનાથ)

(૪) સમ્યગ્દષ્ટિને આયુષ્યનો બંધ ............... ભાવમાં જ થાય છે. (શુભ, અશુભ, શુદ્ધ)

(૫) સોળ સ્વર્ગથી ઉપરના બધા દેવો............... દેવ હોય છે. (કલ્પાતીત, કલ્પોપન્ન, લૌકાંતિક)

(૬) બે, ત્રણ, ચાર ઇન્દ્રિયવાળા જીવોને ............... કહે છે. (અસંજ્ઞી પંચેન્દ્રિય, સંજ્ઞી પંચેન્દ્રિય, વિકલત્રય)

(૭) પાંચ પરમેષ્ઠીમાં દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ રહિત ............... પરમેષ્ઠી હોય છે. (બે, એક, ત્રણ)

(૮) એક જીવને એક સાથે વધુમાં વધુ ................. જ્ઞાન હોઈ શકે છે. (ચાર, ત્રણ, પાંચ)

(૯) ચાર ઘાતિકર્મોમાં સૌથી પહેલા ................ કર્મનો ક્ષય થાય છે. (જ્ઞાનાવરણીય, અંતરાય, મોહનીય)

(૧૦) મનઃપર્યયજ્ઞાન ................ ગુણસ્થાન સુધી હોય છે. (૬ થી ૧૨, ૬ થી ૧૦, ૬ થી ૯)

(૧૧) પરદ્રવ્યમાં પ્રીતિભાવ ઉત્પન્ન થવો એ ............... નોકષાય છે. (રતિ, અરતિ, જુગુપ્સા)

(૧૨) છ દ્રવ્યમાં સૌથી વધુ પ્રદેશ ............... દ્રવ્યના છે. (કાળ, જીવ, આકાશ)

(૧૩) વાત્સલ્ય અંગમાં ............... મુનિની કથા પ્રસિદ્ધ છે. (ધરસેન, પૂજ્યપાદ, વિષ્ણુકુમાર)

(૧૪) નિષ્પ્રયોજન પાપવર્ધક ક્રિયાઓનો ત્યાગ કરવો તેને ........... કહે છે. (દિગ્વ્રત, દેશવ્રત, અનર્થદંડવ્રત)

(૧૫) ........... સિદ્ધક્ષેત્રથી ૯૯ કરોડ મુનિઓ મોક્ષ પધારેલ છે..
(સિદ્ધવરકૂટ, તુંગીગિરિ, ગિરનાર)

(૧૬) ધર્મધ્યાન ............... ગુણસ્થાન સુધી હોય છે. (૪ થી ૭, ૪ થી ૯, ૪ થી ૧૨)

(૧૭) આગામી કાળમાં વિષયોની ઈચ્છા કરવી એ .............. શલ્ય છે.
(નિદાન, મિથ્યાત્વ, માયા)

(૧૮) અજડત્વ એ ............... દ્રવ્યનો પ્રતિજીવી ગુણ છે. (પુદ્‌ગલ, જીવ, આકાશ)

(૧૯) દ્રવ્ય પ્રાણના ............. ભેદ છે. (દશ, આઠ, પાંચ)

(૨૦) મન, વચન, કાયાના અવલંબનથી કર્મ, નોકર્મ ગ્રહણ કરવાની શક્તિને ............... કહે છે. (પ્રમાદ, કષાય, યોગ)

---

# બાળકો માટેના આપેલ પ્રશ્ન ફેબ્રુઆરી–૨૦૧૬ના ઉત્તર

(૧) ચારિત્ર
(૨) અધિકરણ
(૩) અગુરુલઘુત્વ
(૪) પર્યાય
(૫) ત્રણ
(૬) અસ્તિત્વ
(૭) પોદનપુર
(૮) પુદ્‌ગલ
(૯) ૨૨
(૧૦) ૪
(૧૧) સંવર
(૧૨) તુંગીગિરિ
(૧૩) ૨૦
(૧૪) સૂક્ષ્મત્વ
(૧૫) શ્રીકૃષ્ણ
(૧૬) સુવીર
(૧૭) હસ્તિનાપુર
(૧૮) વ્યવહારકારળ
(૧૯) મુનિસુવ્રતનાથ
(૨૦) અવ્યાબાધ

**શ્રી બોરીવલી દિગંબર જૈન મુમુક્ષુમંડળ—મુંબઈ**
**આનંદોલ્લાસ સહ અધ્યાત્મ સાધના તીર્થ સુવર્ણપુરીમાં ઉજવે છે**

**અધ્યાત્મમાર્ગપ્રસારક, જ્ઞાયકયુગપ્રવર્તક, સ્વાનુભવવિભૂષિત**
**પરમ પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો ૧૨૭મો**

# મંગલ-જન્મજયંતી-મહોત્સવ

અત્યંત હર્ષોલ્લાસ સહ નિવેદન કે આપણા પરમ-તારણહાર પરમોપકારી પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો આગામી ૧૨૭મો વાર્ષિક મંગલ જન્મોત્સવ અધ્યાત્મ-સાધનાતીર્થ સોનગઢ(સુવર્ણપુરી)માં શ્રી બોરીવલી દિગંબર જૈન મુમુક્ષુમંડળ, બોરીવલી-મુંબઈ દ્વારા અતિ આનંદોલ્લાસપૂર્વક ઊજવવામાં આવશે.

તદ્નુસાર પૂજ્ય ગુરુદેવશ્રીનો આગામી ૧૨૭મો જન્મ-જયંતી (વૈશાખ સુદ-૨)નો મંગળ મહોત્સવ સુવર્ણપુરીમાં તા. ૪-૫-૨૦૧૬, બુધવારથી તા. ૮-૫-૨૦૧૬, રવિવાર—પાંચ દિવસીય 'શ્રી જંબૂદ્વીપસ્થ શાશ્વત જિનમંદિર જિનબિંબ પૂજન વિધાન' પૂજ્ય ગુરુદેવશ્રીના આધ્યાત્મિક સીડી. પ્રવચન, પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની વિડિયો ધર્મચર્ચા, સમાગત ગુરુભક્ત વિદ્વાનોના શાસ્ત્રવાંચન, ધાર્મિક શિક્ષણ વર્ગ તથા ભજનમંડળી દ્વારા દેવ-ગુરુભક્તિ તથા સાંસ્કૃતિક કાર્યક્રમ આદિ અનેકવિધ રોચક કાર્યક્રમ સહ ઉજવવામાં આવશે.

ગુરુભક્તિના આ અનુપમ અવસરનો લાભ લેવા માટે ગુરુભક્ત સર્વે મુમુક્ષુઓને સોનગઢ પધારવા અમારા તરફથી ભાવભીનું નિમંત્રણ છે. આવાસ તથા ભોજન વ્યવસ્થા નિ:શુલ્ક રાખવામાં આવેલ છે.

(આ મહોત્સવની નિમંત્રણપત્રિકાની લેખનવિધિ સોનગઢમાં તા. ૧-૦૪-૨૦૧૬, શુક્રવારના રોજ રાખેલ છે. તો સર્વેને પધારવા વિનંતી છે.)

નિમંત્રક
શ્રી બોરીવલી દિગંબર જૈન મુમુક્ષુ મંડળ
બોરીવલી-મુંબઈના જય-જિનેન્દ્ર

આત્મધર્મ
માર્ચ-૨૦૧૬
અંક-૭ ● વર્ષ-૧૦

Posted at Songadh PO
Publish on 1-3-2016
Posted on 1-3-2016

Registered Regn. No. BVR-367/2015-2017
Renewed upto 31-12-2017
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-




Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org